આજનો સુવિચાર
જે હાથ બીજાની મદદ માટે ઉઠે છે તેમની પોતાની ઝોળી કયારેય ખાલી રહેતી નથી

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૫૮ જૂનાગઢ તા.૨૧-૬-૨૦૨૩ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 158, Junagadh : Date : 21 Jun, 2023, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

# સુરતમાં દોઢ લાખ લોકોએ એક સાથે યોગ કરીને વિશ્વ રેકોર્ડ બનાવ્યો





સુરત તા.૨૧ : આંતર રાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી અંતર્ગત આજેગુજરાતનાં સુરતમાં વર્લ્ડરેકોર્ડ નોંધાયો છે રાજયવ્યાપી ઉજવણીમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની હાજરીમાં સુરતમાં એક સાથે દોઢ લાખ લોકોએ ભાગ લીધોહતોઅને તેનો ગીનીશ બુકમાં રેકોર્ડ બન્યો હતો. યોગ દિવસની રાજયકક્ષાની ઉજવણી આજે સુરત ખાતે યોજવામાં આવી હતી. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ, ગૃહમંત્રી હર્ષ સંઘવી સહીતનાં પ્રધાનો, નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સવારે ૬-૪૦ વાગ્યે વર્ચ્યુઅલ સંબોધન કર્યુ હતું તેને પણ સુરતનાં લોકોએ નિહાળ્યુ હતું. સુરતમાં અંદાજીત ૧૨.૫ કિલોમીટરનાં પથ પર યોગ કાર્યક્રમ યોજવામાંઆવ્યો હતો જેમાં એક સાથે દોઢ લાખ લોકોએ યોગ કરતા નવો વર્લ્ડ રેકોર્ડ સર્જાયો હતો. સામુહીક યોગ કાર્યક્રમને ધ્યાને રાખીને માર્ગો વાહન વ્યવહાર માટે બંધ કરીને ડાઈવર્ઝન આપવામાં આવ્યા હતા. રાજય કક્ષાનાં યોગ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યુંહતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી યુનો ખાતે યોગ કાર્યક્રમમાં સામેલ થવાના છે અને તેઓએ ફરી એકવાર ભારતને ગૌરવ અપાવ્યુ છે. તેઓ યોગના ૨૧ યોગ સ્ટુડીયો શરૂ કરી રહ્યા છે.

ગૃહરાજય મંત્રી હર્ષ સંઘવીએ કહ્યું કે સુરતે આજે ઈતિહાસ રચી દીધોછે. મોડે સુધી જાગતા સુરતીઓ સવારે જ ૪ વાગ્યાથી જ યોગ સ્થળે પહોંચવા લાગ્યા હતા. વિક્રમી સંખ્યામાં લોકોએ ઉપસ્થિત થઈને અવસરને ઉર્જામય બનાવી દીધો હતો. આતકે શ્રેષ્ઠ કામગીરી કરનારા યોગ તાલીમ કર્મીઓનું પુરસ્કાર આપીને સન્માન કરવામાં આવ્યુ હતું. ઉપરાંત યોગના વિવિધ પાસાઓને આવરી લેતી કોફી ટેબલ બુકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગીનીશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યાહતા અને વર્લ્ડ રેકોર્ડનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું.

## વસુધૈવ કુટુંબકમ્‌ની થીમ પર વિશ્વભરમાં યોગ દિવસની ઉજવણી

નવી દિલ્હી તા.૨૧ : આજે ૯મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ છે. આ દરમિયાન પીએમ મોદી અમેરિકા પહોંચ્યા છે ત્યારે તેઓ દુનિયાભરના ૩૦૦૦ રાજદ્વારીઓ સાથે યોગાભ્યાસ કરશે. આ અવસરે પીએમ મોદીએ એક વીડિયો મેસેજ પણ જાહેર કર્યો હતો. તેઓએ સંયુકત રાષ્ટ્રના હેડકવાર્ટરમાં યોજાનાર કાર્યક્રમમાં સામેલ થવા અંગે માહિતી આપી હતી.

આંતર રાષ્ટ્રીય યોગ દિવસ નિમિતે વડાપ્રધાન મોદીએ અમેરીકાથી દેશવાસીઓને સંબોધન કર્યુ

# યોગ એક વૈશ્વિક આંદોલન બની ગયું : ભારતનાં આહ્‌વાન પર વિશ્વનાં ૧૮૦ દેશોનું એકત્ર થવું ઐતિહાસીક



વોશિંગ્ટન તા. ૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યોગ દિવસ નિમિત્તે અમેરિકાથી ભારતવાસીઓને સંબોધિત કર્યા. વડાપ્રધાન મોદીએ કહ્યું કે હું વીડિયો મેસેજ દ્વારા તમારી સાથે જોડાઈ રહ્યો છું, પરંતુ હું યોગ કરવાના કાર્યક્રમથી ભાગી રહ્યો નથી. ભારતીય સમય અનુસાર આજે સાંજે સાડા પાંચ વાગ્યે હું સંયુક્ત રાષ્ટ્રના મુખ્યાલયમાં એક વિશાળ યોગ કાર્યક્રમમાં શામેલ થઈશ. ભારતના આહ્વાન પર વિશ્વના ૧૮૦ થી વધુ દેશોનું એકઠા થવું એ ઐતિહાસિક અને અભૂતપૂર્વ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યોગ દિવસના અવસર પર કહ્યું, તમને યાદ હશે કે જયારે ૨૦૧૪માં યુએન જનરલ એસેમ્બલીમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસનો પ્રસ્તાવ આવ્યો ત્યારે રેકોર્ડ સંખ્યામાં દેશોએ તેનું સમર્થન કર્યુ હતું. ત્યારથી લઈને આજ સુધી આંતરરાષ્ટ્રીય યોગ દિવસના માધ્યમથી યોગ એક વૈશ્વિક આંદોલન બની ગયું છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે આ વર્ષે યોગ દિવસના કાર્યક્રમોને ઓશન રિંગ ઓફ યોગ દ્વારા વધુ ખાસ બનાવવામાં આવ્યો છે. તેનો વિચાર યોગના વિચાર અને સમુદ્રના વિસ્તરણ વચ્ચેના પરસ્પર સંબંધ પર આધારિત છે.

આજે સમગ્ર વિશ્વમાં લોકો યોગ અને વસુધૈવ કુટુંબકમના સિદ્ધાંત પર એકસાથે યોગ કરી રહ્યા છે. આપણા શાસ્ત્રોમાં કહેવાયું છે કે યોગ દ્વારા આપણને સ્વાસ્થ્ય, આયુષ અને શક્તિ મળે છે. આપણામાંથી કેટલાએ યોગની ઉર્જાનો અનુભવ કર્યો છે. આપણે બધા જાણીએ છીએ કે વ્યક્તિગત સ્તરે સારું સ્વાસ્થ્ય આપણા માટે કેટલું મહત્વનું છે. યોગ એક શક્તિશાળી સમાજનું નિર્માણ કરે છે. તેમ વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું.

## આજે વર્ષનો સૌથી લાંબો દિવસ : આવતીકાલે રાત્રી લાંબી થશે

નવી દિલ્હી,તા. ૨૧ :

સૂર્યનો ક્રાંતિવૃત્ત અને આકાશી વિષુવવૃત્ત વર્ષમાં બેવખત એકબીજાને છેદે છે. આ છેદન બિંદુને સંપાત દિવસ કહેવામાં આવેછે. ભારતના લોકોએ માર્ચની તા.૨૧મીએ દિવસ અને રાત સરખા હોવાનો અનુભવ કર્યો હતો. જયારે આજે તા. ૨૧ જૂન બુધવારે લાંબામાં લાંબો દિવસનો લોકો અનુભવ કરશે. આવતીકાલે ગુરુવાર તા.૨૨ જુનથી ક્રમિક દિવસ ટૂંકો અને રાત્રિ લાંબી થતી જશે. સૂર્ય ઉત્તર તરફ ખસતોજતા ઉત્તર ગોળાર્ધની દિવસની લંબાઈ વધતી જાય છે અને રાત્રી ટૂંકી થતી જાય છે. જેના કારણે તા. ૨૧ મી જૂને લાંબામાં લાંબો દિવસ રહે છે.

## હોન્ડુરાસની મહિલા જેલમાં ગેંગવોર: ૪૧ મહિલા કેદીનાં મોત : ૨૬ને જીવતી સળગાવી દેવાઈ

સાન પેડ્રો સુલા તા. ૨૧

હોન્ડુરાસની એક મહિલા જેલમાં ચોંકાવનારી ઘટના બની. જેલમાં ૪૧ મહિલા કેદીઓ મૃત્યુ પામી છે. ખરેખર તો ગેરકાયદેસર પ્રવૃત્તિઓને લઈને બે ગેંગ વચ્ચે હિંસા ફાટી નીકળતાં ગોળીબાર-આગચંપી જેવી ઘટનાઓને લીધે અહીં મહિલા કેદીઓ મૃત્યુ પામી હતી.

હોન્ડુરાસની નેશનલ પોલીસ ઈન્વેસ્ટિગેશન એજન્સીના પ્રવક્તા યુરી મોરાએ સમગ્ર ઘટના અંગે નિવેદન જાહેર કર્યુ છે. તેઓએ કહ્યું છે કે મોટાભાગના પીડિતો દાઝી ગયા હતા. ૨૬ મહિલા કેદીને જીવતી સળગાવી દીધી હોવાનું કહેવાય છે.

ટેસ્લાના સ્થાપક અને ટવિટરનાં વડા

## એલન મસ્ક મોદીનાં ચાહક બની ગયા ભારતમાં અનેક તકો હોવાનું જણાવ્યું

ન્યુયોર્ક તા. ૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ દિવસીય પ્રવાસ પર ગતરાત્રે લગભગ ૧૦ વાગે અમેરિકા પહોંચ્યા હતા. અહીં તેઓ લગભગ ૨૪ સેલિબ્રિટીઓને મળ્યા. જેમાં નોબેલ પુરસ્કાર વિજેતા, અર્થશાસ્ત્રીઓ, કલાકારો, વૈજ્ઞાનિકો, વિદ્વાનો અને ઉદ્યોગપતિઓનો સમાવેશ થતો હતો. ટેસ્લાના સહ-સ્થાપક અને ટ્વિટરના માલિક એલોન મસ્ક પણ તેમને હોટેલ લોટે ન્યૂયોર્ક પેલેસમાં મળવા આવ્યા હતા. મીટિંગ બાદ મસ્કે કહ્યું- હું મોદીજીનો ફેન છું. તેઓ ખરેખર ભારતની ચિંતા કરે છે અને તેઓ દેશના હિતમાં જ બધુ કરવા ઈચ્છે છે. અન્ય મોટા દેશ કરતાં ભારતમાં બિઝનેસ માટે વધુ અવકાશ છે.'' મસ્કે જણાવ્યું કે તેઓ વર્ષના અંત સુધીમાં ભારતમાં ટેસ્લાની ફેકટરી માટે લોકેશન ફાઈનલ કરશે. વડાપ્રધાન મોદીએ મસ્કને ભારત આવવાનું આમંત્રણ પણ આપ્યું હતું. આ અંગે મસ્કે કહ્યું- હું આવતા વર્ષે ભારત આવીશ.

## શેરબજાર ઓલ ટાઈમ હાઈ સેન્સેકસે નવો રેકોર્ડ સર્જયો

મુંબઈ તા. ૨૧

શેરબજારમાં છેલ્લા બે મહિનાથી તેજી છે અને તેમાં ઈન્ડેકસ નવો રેકોર્ડ સર્જવાના માર્ગે દોડવા લાગ્યા હતા. છેલ્લા ત્રણ દિવસથી સેન્સેકસ તથા નીફટીને નવી ઉંચાઈએ પહોંચવામાં થોડુ અંતર રહી જતુ હતું છેવટે આજે સેન્સેકસ ૬૩૫૮૮ ની નવી ઉંચાઈએ પહોંચી ગયો હતો નીફટીન ૧૨ પોઈન્ટનું અંતર રહી ગયુ હતું. નિફટીનો અગાઉનો રેકોર્ડ ૧૮૮૮૭ હતોઆજે નીફટી ઈન્ટ્રા-ડે રેકોર્ડ ૧૮૮૭૫થયો હતો. ટ્રેડીંગ સેશન દરમ્યાન તેમાં પણ નવી ઉંચાઈ જોવા મળી શકે છે. આજે સેન્સેકસ બેઈઝ તમામ શેરો ગ્રીન ઝોનમાં ટ્રેડીંગ કરી રહયા છે. શેરબજારમાં લોકોનું રોકાણ વધી રહયું છે.

ઓફિસ વેચાણ / ભાડે / લીઝથી
ફુલ આધુનિક ફર્નિચર, CCTV કેમેરા, નવું બિલ્ડીંગ, લીફ્ટ, રોડ ફેસિંગ, ૬૨૨ ચો.ફુટ જગ્યા, જૂનાગઢના મધ્યમાં. CA, કલાસીસ, બેંક, ફાઈનાન્સ કાું., IT કંપની, ટ્રેનીંગ સેન્ટર માટે મોકાની જગ્યા ખૂબજ વ્યાજબી ભાવે તાત્કાલીક આપવાની છે.
સંપર્ક : ૯૪૨૬૧ ૬૫૨૧૫

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. ૬૫૦૦* થી શરૂ
ફ્રીઝ ૬૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૯૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેકટ્રોનિકસ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

ઉધઈ થી બચો
તમારા મકાન, બંગ્લો, ટેનામેન્ટ, દુકાન અને ઓફીસમાં
ઈન્જેકશન દ્વારા ઉધઈની ટ્રીટમેન્ટ કરી આપીશું
સચીનભાઈ મો.૯૮૨૫૯ ૭૬૨૫૧

દુકાન વેચવાની છે
જૂનાગઢનાં ભરચક વિસ્તાર પંચહાટડી ચોકમાં જે.ડી. ચેમ્બર પહેલા માળે બે દુકાન નં. ૭ અને ૮ કુલ ૨૦૨ ફુટ વેચાણથી આપવાની છે. તદ્દ્ન વ્યાજબી ભાવમાં
સંપર્ક : ૯૯૨૫૭ ૫૫૦૦૮

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
ડો. એમ.ડી. વ્યાસ
(એમ.ડી. (પેડ)
બાળ આરોગ્ય નિષ્ણાંત



ભૂતપૂર્વ બાળરોગ નિષ્ણાંત ● સિવિલ હોસ્પીટલ, જૂનાગઢ - લીંબડી ● ઈરવીન હોસ્પીટલ જામનગર
આદિત્ય બાળકોની હોસ્પીટલ
જે.બી. કોમ્પ્લેક્ષ, બીજા માળે, એસ.ટી. બસ સ્ટેશન સામે, જૂનાગઢ.
મો. ૯૪૨૭૬ ૩૩૦૪૩

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
એસ. કે. ઈન્ડસ્ટ્રીઝ
વડાલ રોડ, દોલતપરા
જૂનાગઢ
ફોન : ૦૨૮૫-૨૬૬૧૭૯૦


તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ : જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવારકરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમજય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪, મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

# ગીર-સોમનાથમાં આઈકોનિક પ્લેસ સોમનાથ મંદિર ખાતે ઉત્સાહપૂર્વક થઈ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી

## 'મકરાસન', 'અર્ધઉષ્ઠાસન', 'ઉત્તાનમંડૂકાસન', 'વક્રાસન', 'ભૂજંગાસન' જેવા વિવિધ આસનો દ્વારા થયા સામૂહિક યોગ : 'એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય' ની થીમ ઉપર ઉત્સાહપૂર્વક કરવામાં આવી 'યોગ દિવસ'ની ઉજવણી



(મીનાક્ષી-ભાસ્કર વૈદ્ય દ્વારા) પ્રભાસ-પાટણ તા.૨૧

સમગ્રવિશ્વમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉમંગપૂર્વક ઉજવણી થઈ રહી છે જે અંતર્ગત ગીર-સોમનાથમાં આઈકોનિક પ્લેસ સોમનાથ મંદિર પાસેના ચોપાટી ગ્રાઉન્ડમાં જિલ્લા પંચાયત પ્રમુખ રામીબહેનવાજાના અધ્યક્ષસ્થાને 'એક પૃથ્વી, એકસ્વાસ્થ્ય'ની થીમ ઉપર નવમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં જનપ્રતિનિધિઓ, પદાધિકારીઓ તેમજ કર્મચારીઓ અને શાળા-કોલેજ સહિત શૈક્ષણિક સંસ્થાઓ, એનજીઓ તેમજ સ્થાનિક લોકોએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. 'એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય'ની થીમ હેઠળ સોમનાથ મંદિર પાસેના ચોપાટી ગ્રાઉન્ડમાં ઉપસ્થિત તમામે 'શલભાસન','મકરાસન', 'અર્ધઉષ્ઠાસન', 'ઉત્તાનમંડૂકાસન', 'વક્રાસન', 'ભૂજંગાસન' જેવા વિવિધ આસનોથી સામૂહિક યોગ દ્વારા ઉત્સાહપૂર્વક આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરી હતી. આ તકે સ્વામિનારાયણ દ્રોણેશ્વર ગુરૂકુળની વિદ્યાર્થીનીઓએ યોગ નિદર્શન કર્યુ હતું સાથે જ ઉપસ્થિત તમામે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું વર્ચ્યુઅલ સંબોધન પણ નિહાળ્યું હતું. વડાપ્રધાનએ વર્ચ્યુઅલ સંબોધનમાં જણાવ્યું હતું કે, આપણાં ઋષિમુનિઓએ કહ્યું છે કે જે જોડે છે તે યોગ છે. યોગનો પ્રચાર આ જ વિચારનો વિસ્તાર છે. યોગના આ વિસ્તારનો અર્થ છે 'વસુધૈવ કુટુમ્બકમ'. જે લોકો યોગ સાથે વર્ષોથી જોડાયા છે. તેમણે યોગની ઊર્જા અનુભવી છે. ભારતે હંમેશા જોડવાનું કામ કર્યુ છે. નવા વિચારોનું સ્વાગત કર્યું છે. યોગ સ્વસ્થ સમાજનું નિર્માણ કરે છે. કર્મમાં કુશળતા જ યોગ છે. યોગ દ્વારા આંતરવિરોધોને ખતમ કરવાના છે અને 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની વિભાવનાને વિશ્વ સમક્ષ પ્રદર્શિત કરવાની છે. જ્યારે મુખ્યમંત્રીએ વર્ચ્યુઅલ સંબોધનમાં જણાવ્યુ હતું કે, યોગ એ હવે વૈશ્વિક આંદોલન બની ચૂક્યું છે. નિયમિત યોગાભ્યાસથી તણાવમુક્ત અને નિરોગી જીવન જીવી શકાય છે. આ તકે નગરપાલિકા પ્રમુખ પિયૂષભાઈ ફોફંડી, જિલ્લા કલેક્ટર એચ.કે.વઢવાણિયા, જિલ્લા વિકાસ અધિકારી રવિન્દ્ર ખતાલે, જિલ્લા પોલિસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા, જિલ્લા રમત અધિકારીશ્રી કાનજી ભાલિયા, જિલ્લા યુવા વિકાસ અધિકારી એચ.ડી.મકવાણા સહિત અગ્રણી મહેન્દ્રભાઈ પીઠિયા, માનસિંહભાઈ પરમાર સહિત જનપ્રતિનિધિઓ, અધિકારીઓ-કર્મચારીઓ અને વિવિધ અગ્રણીઓ તેમજ શહેરીજનો પણ યોગ દિવસની ઉજવણીમાં સહભાગી બન્યા હતા.

# કેશોદનાં કેવદ્રા ગામે રસ્તાનાં મનદુઃખે હુમલો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૨૧

કેશોદના કેવદ્રા ગામે જમીનના રસ્તા બાબતે મનદુખમાં ત્રણ શખ્સોએ યુવકને માર મારી ઈજાગ્રસ્ત કર્યા અંગે પોલીસ ફરિયાદ નોંધાતા પોલીસે ગુનહો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે કેશોદ પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ કેવદ્રા ગામે વાડી વિસ્તારમાં રહેતા નિકુંજ મનસુખભાઈ કોઠડીયાને ધનજીભાઈ અને શાંતિભાઈ કોઠડીયા વચ્ચે જમીનના રસ્તા બાબતે ચાલતા મન દુઃખને પગલે ધનજીભાઈ, શાંતિભાઈ અને વાલજીભાઈ ભાલોડીયા એ ખેતરના દરવાજાનું તાળું તોડી ખેતરમાં પ્રવેશ કરતા નિકુંજભાઈ અટકાવવા જતા ત્રણેય શખસોએ માર મારી ઈજાગ્રસ્ત કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યા અંગે પોલીસ ફરિયાદ નોંધાતા પોલીસે ગુનહો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**ચોરવાડનાં ગડુમાં ગળાફાંસો ખાતા મોત**

ચોરવાડના ગડુ ગામે યુવકે ગળે ફાંસો ખાઈ લેતા મોત થયાનો બનાવ નોંધાયો હતો. આ અંગે ચોરવાડ પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ ગડુ ગામે કોડીનારના છારા ગામે રહેતા ક્રિપાલસિંહ ચંદુભા રાઠોડ નામના યુવકે અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ લેતા મોત થયા અંગે અર્જુનસિંહ રાઠોડે પોલીસમાં જાહેર કર્યું હતું.

**શીલનાં મેખડી ગામે ગળાફાંસો ખાતા મૃત્યું**

શીલના મેખડી ગામે આધેડે ગળાફાંસો ખાઈ આપઘાત કર્યાનો બનાવ નોંધાયો હતો. આ અંગે શીલ પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ મેખડી ગામે જેન્તીભાઈ વાઢેર એ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ લેતા મોત થયા અંગે મૃતકના ભાઈ મનસુખભાઈ વાઢેરે પોલીસમાં જાહેર કરતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમિતિ દ્વારા ભગવાન જગન્નાથની રથયાત્રાનું ભવ્ય સ્વાગત કરાયું



જૂનાગઢ તા. ૨૧

ગઈકાલે જૂનાગઢ શહેરનાં જવાહર રોડ ઉપરથી ભવ્ય રથયાત્રા નીકળી હતી.

રથયાત્રા સેઝનાં ઓટા પાસે પહોંચી ત્યારે કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમિતિનાં આગેવાનો બટુકભાઈ મકવાણા, ઈશાન હાલેપોત્રા, રજાકભાઈ હાલા, વી.ટી. સીડા, મુન્નાબાપુ દાતારવાળા, કાસમભાઈ જુણેજા, વહાબભાઈ કુરેશી, સોહીલ સિદીકી, હાજીભાઈ ઠેબા વગેરે આગેવાનોએ રથયાત્રા ઉપર ફુલોની વર્ષા કરી સ્વાગત કર્યુ હતું.

અનો શહેરમાં શાંતિ, ભાઈચારો અને કોમી એકતાનું વાતાવરણ જળવાઈ રહે તેવી શુભેચ્છા વ્યકત કરી હતી. કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમિતિ દ્વારા હિન્દુ-મુસ્લીમ તહેવારો દરમ્યાન તંત્ર સાથે સંકલન જાળવી હંમેશા શહેરમાં સુખ શાંતિ એકતા જળવાઈ રહે તેવા સંનિષ્ઠ પ્રયાસો કરવામાં આવે છે.

# કેશોદમાં વહીવટી તંત્ર દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી



(પ્રતિનિધિ દ્વારા) કેશોદ તા.૨૧

કેશોદ શહેરમાં વહિવટી તંત્ર દ્વારા અલ્ટ્રા સ્કુલના પટાંગણમાં વહેલી સવારે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ભારતીય સંસ્કૃતિની યોગ સાધનાને સમગ્ર વિશ્વમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પહોંચાડી યોગનું મહત્વ સમજાવ્યું છે અને લોકો યોગ તરફ વળ્યાં છે. કોરોના મહામારી વચ્ચે સંખ્યાબંધ દર્દીઓ યોગ દ્વારા સારવાર મેળવી નવજીવન મેળવ્યું હતું. સમગ્ર વિશ્વમાં યોગ ને સ્વીકારવામાં આવતાં યોગ શિક્ષકોની માંગ વધતાં દેશ વિદેશમાં રોજગારીની તકો ઉભી થઈ છે. ૨૧,જૂન નાં રોજ વિશ્વ યોગદિવસની ઉજવણી કરવામાં આવે છે, યોગ એ નિરોગીપણાથી સમાધિ સુધીની યાત્રા છે. યોગ શબ્દનાં બે અર્થ થાય છે અને બંને મહત્વપૂર્ણ છે. પહેલો છે - જોડ અને બીજો છે સમાધિ. જ્યા સુધી આપણે પોતાની સાથે નથી જોડાતા, ત્યાં સુધી સમાધિ સુધી પહોંચવું મુશ્કેલ છે. એટલું નહી યોગથી નીરોગી અને સ્વસ્થ રહી શકાય છે.

નિયમીત યોગ કરવાથી અનેક રોગમાંથી મુક્તિ મળે છે. મન અને શરીર સ્વસ્થ રહે છે. લોકો નિયમીત યોગ કરવા જોઈએ. યોગથી અનેક ફાયદા થાય છે. લોકો સ્વાસ્થય સારુ બની રહે છે. નિયમીત યોગ કરવાથી અનેક રોગમાંથી મુક્તિ મળે છે. મન શાંત રહે છે. તેમજ યોગક્ષેત્રે પણ યુવાનો માટે અનેક તક છે. સમગ્ર વિશ્વમાં તારીખ ૨૧ જૂનના દિવસને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

આ વર્ષે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ૨૧ જૂન ના આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે તથા રાજ્ય સરકાર દ્વારા જી -૨૦ ની વન અર્થ વન હેલ્થની થીમને ધ્યાનમાં રાખતા આ વર્ષે એક પૃથ્વી એક સ્વાસ્થ્યના નારા સાથે વસુધૈવ કુટુંબકમ માટે યોગ અને હર ઘરના આંગણે યોગના થીમ સાથે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી છે. કેશોદ ખાતે યોજાયેલા વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં ચીફ ઓફિસર નગરપાલિકાનાં પદાધિકારીઓ કર્મચારીઓ અને અલ્ટ્રા સ્કૂલનાં શિક્ષકો વિદ્યાર્થીઓ જોડાયા હતા.

# સગર્ભાઓ માટે સ્વસ્થ માતા, સ્વસ્થ બાળક, તો સશક્ત સમાજનું સર્જન શક્ય બનાવતું યોગ



"સ્વસ્થમાતા, સ્વસ્થ બાળક તો સશક્ત સમાજસર્જન" એ ઉક્તિને સાર્થક કરવા ભારત સરકાર સતત ચિંતન સાથે પ્રયત્નાશીલ રહી છે. પ્રસૂતા મહિલાઓનો નવ માસનો ગાળો માનસિક તેમજ શારીરિક રીતે ખુબ જ સંવેદનશીલ હોય છે. માતાના ગર્ભમાં ઉછેરી રહેલા બાળકનું સ્વાસ્થ્ય એ માતાના માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય સાથે સીધું જોડાયેલું હોય છે ત્યારે માતાને ગર્ભાવસ્થા દરમ્યાન અને ત્યારબાદ માનસિક અને શારીરિક અને સુપોષિત બળ પૂરૂ પાડે છે ઈન્ટેનેટલ યોગ. ગાયનેકોલોજિસ્ટ ડોક્ટર્સ દ્વારા જણાવ્યા મુજબ સગર્ભા મહિલાઓ માટે યોગાભ્યાસના ફાયદા અને તેની અમલવારી એક અભિયાન સ્વરૂપે ચલાવવી જરૂરી છે. ગર્ભાવસ્થામાં ત્રણ તબક્કામાં યોગાભ્યાસ જરૂરી છે. ગર્ભાવસ્થા પહેલા કરાતા યોગને પ્રિનેટલ યોગ, ગર્ભાવસ્થા દરમ્યાન કરાતા યોગને ઈન્ટેનેટલ યોગ અને ગર્ભાવસ્થા પછી કરાતા યોગને પોસ્ટનેટલ યોગ તરીકે ઓળખવામાં આવે છે. તેમજ સગર્ભાઓએ યોગાસન દરમ્યાન સાવચેતી રાખવી આવશ્યક છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સુપોષિત માતા અને સુપોષિત બાળની નેમ સાથે જન્મ સમયે મૃત્યુ દર ઘટાડવા અનેકવિધ અભિયાન દ્વારા હેલ્થ કેર વિભાગ સક્રિય છે, ત્યારે આવનારા સમયમાં સારવાર સાથે યોગના સંયોગથી સશક્ત સમાજનું સર્જન થશે, તેમ ચોક્કસ કહી શકાય. આધુનિક વિજ્ઞાનમાં પણ સ્ત્રીને ન્યુનતમ પ્રસવ પીડા સાથે તંદુરસ્ત બાળક જન્મે, તે માટે અનેકવિધ સંશોધન થઈ રહ્યા છે. જેમાં ભારતના પુરાતન યોગા અને નેચરોપથી પણ એટલા જ લાભકારી હોવાનું વિશ્વે સ્વીકાર્યું છે. ભારત સરકારના આયુષ વિભાગ દ્વારા યોગા અને નેચરોપેથી દ્વારા મહિલા અને બાળકની સંભાળ અંગે ખાસ માર્ગદર્શક પુસ્તિકા જાહેર કરાયેલી છે.

**ગર્ભાવસ્થા દરમ્યાનની અવસ્થા-સમસ્યાની સમાધાન-વ્યવસ્થા પ્રદાન કરે છે યોગ**

મહિલાઓને ગર્ભાવસ્થા દરમ્યાન કમરના દુઃખાવા, પગના દુઃખાવા, થાક, ગભરાટ, ઉલ્ટી, કબજિયાત સાથે માનસિક તણાવની ફરિયાદ રહેતી હોય છે. જે બાળ ઉછેર પર અસર કર્તા છે. આવા સમયે યોગ માતા અને ગર્ભમાં રહેલા બાળકને સ્વાસ્થ્ય પ્રદાન કરે છે. રાજકોટમાં આવેલી પદ્મકુંવરબા હોસ્પિટલના સુપ્રીન્ટેડેન્ટ ડો. ત્રિશાબેન મર્ચન્ટએ જણાવ્યું છે કે સગર્ભાવસ્થા દરમ્યાન યોગાસન કરવાથી લેબર પેઈનમાં રાહત મળે છે. સુવાવડ સરળતાથી થઈ શકે છે. યોગ ડીલીવરી પછી માતાનું વજન ઘટાડવામાં મદદ કરે છે અને રીકવરી ઝડપી થાય છે. માનસિક સ્વસ્થતા જળવાય છે. ખાસ કરીને માતા અને બાળકનું બોન્ડીંગ વધે છે. રાજકોટના જાણીતા ગાયનેક ડો. રેખાબેન પટેલે જણાવ્યું છે કે, સગર્ભાવસ્થા દરમ્યાન રોજ માત્ર ૧૦ મિનીટ યોગ કરવાથી પણ શારીરિક અને માનસિક રીતે લાભ થાય છે. યોગાસન અને પ્રાણાયામ કરવાથી ડીલીવરી નોર્મલ થવાની સંભાવના વધી જાય છે. તેમજ ડીલીવરી દરમ્યાન મૃત બાળક જન્મવાની શક્યતા ઓછી હોવાથી જન્મદરમાં વધારો થાય છે. ડો. રેખાબેને વિશેષમાં જણાવ્યું છે કે, માતાઓએ સુવાવડ બાદ પણ યોગ કરવાના ચાલુ રાખવા જોઈએ. યોગ કરવાથી માતામાં અને બાળકમાં લોહીનું સર્ક્યુલેશન બરાબર થવાથી ફીડિંગ વધુ આવે છે. નિયમિત યોગ કરવાથી શારીરિક ફાયદાની સાથે માનસિક સ્વાસ્થ્ય પણ સારૂ રહે છે. માનસિક તણાવમાં ઘટાડો થાય છે.

**યોગના સંયોગથી સ્વસ્થ-સશક્ત બાળકનું સર્જન**

રાજકોટના જાણીતા ચાઈલ્ડ સ્પેશિયાલિસ્ટ ડો. અનિલ પટેલે તંદુરસ્ત બાળકની વ્યાખ્યા કરતા જણાવ્યું છે કે, બાળકના જન્મ સમયે તેનું વજન ત્રણ કિલોગ્રામ જેટલું હોવું જરૂરી છે. જો બાળકનું વજન ઓછું હોય તો તે કુપોષિત બાળકની વ્યાખ્યામાં આવે. કુપોષિત જન્મતા નવજાત શિશુના સ્વાસ્થ્યને લઈને ચાર ગણું જોખમ વધી જાય છે. બાળકને જન્મ બાદ તુરંત જ સારવારની જરૂર પડે છે. બાળક મોટું થાય ત્યારે ડાયાબિટીસ, બી.પી. જેવા રોગના શિકાર બને છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સુપોષિત માતા અને સુપોષિત બાળની નેમ સાથે જન્મ સમયે મૃત્યુ દર ઘટાડવા અનેકવિધ અભિયાન દ્વારા હેલ્થ કેર વિભાગસક્રિય છે, ત્યારે આવનારા સમયમાં સારવાર સાથે યોગના સંયોગથી સશક્ત સમાજનું સર્જન થશે, તેમ ચોક્કસ કહી શકાય.

- માતાને ગર્ભાવસ્થા દરમ્યાન અને ત્યારબાદ માનસિક અને શારીરિક બળ પૂરૂ પાડે છે.
- પ્રસૂતા માતા મૃત્યુ દર ઘટાડવામાં આધુનિક વિજ્ઞાને યોગ પ્રણાલીનું મહત્ત્વ સ્વીકાર્યુ છે.
- યોગાસન બાળકના મૃત્યુદર અને કુપોષણ માં ઘટાડો કરી શકે છે.

**આલેખન - રાજકુમાર, માર્ગી**

# કેશોદમાં આષાઢી બીજ નિમિત્તે ભવ્ય શોભાયાત્રા કાઢી સમુહ પ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું



(પ્રતિનિધિ દ્વારા) કેશોદ તા.૨૧

કેશોદ શહેરમાં અષાઢી બીજ નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરી ધામધૂમથી ઉજવવામાં આવી હતી. કેશોદ શહેરમાં શ્રી દાસારામ યુવક મંડળ દ્વારા શહેરના મુખ્ય માર્ગો ઉપર ડીજેનાં તાલે ઝૂમી શોભાયાત્રા કાઢવામાં આવી હતી અને શહેરનાં મુખ્ય માર્ગો પર શોભાયાત્રા પસાર થતાં ભક્તિમય વાતાવરણ ઉભું થયું હતું. શ્રી દાસારામ યુવક મંડળ દ્વારા શોભાયાત્રા પુર્ણ થયા બાદ સાંજે સમુહ પ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું. કેશોદના ગંગનાથપરા વિસ્તારમાં પણ કોળી સમાજ દ્વારા આષાઢી બીજ નિમિત્તે ભવ્ય શોભાયાત્રા કાઢી સમુહ પ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું. સોરઠની ધીંગી ધરતી ઉપર પરંપરાગત સનાતન ધર્મનાં ધાર્મિક તહેવારો આસ્થાભેર ધામધૂમથી ઉજવવામાં આવે છે ત્યારે કેશોદ શહેરમાં પણ દરેક તહેવારોની ઉજવણી કરવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિમાં હિન્દુ તહેવારોનું વધુ મહત્વ છે. અષાઢ મહિનાની શરૂઆત પણ તહેવારથી થાય અને અંત પણ તહેવારથી આવે છે. જેમ અષાઢી બીજને રથયાત્રાનાં પર્વ તરીકે ઉજવવામાં આવે છે, અને અષાઢી અમાસને દિવાસા તરીકે ઉજવવામાં આવે છે. અષાઢી મહિનાની બીજનો દિવસ હિંદુ વૈદિક પંચાંગના વિક્રમ સંવત મુજબ વર્ષના નવમાં મહિનાનો બીજો દિવસ છે. જ્યારે સંવત મુજબ વર્ષાના ચોથા મહિનાનો બીજો દિવસ છે. આજ માસથી ચાતુર્માસનો આરંભ પણ થાય છે. અષાઢ મહિનામાં ગૌરીવ્રત, અલુણા જેવા તહેવારો આવે છે. જૂની કથા અનુસાર ઈ.સ. ૧૬૦૫માં 'જામ લાખો ફુલાણી' નામનો વ્યક્તિ જ્યારે બહારથી ફરીને કચ્છ પરત ફર્યા ત્યારે અષાઢ મહિનાનો પહેલો દિવસ હતો. ત્યારે ત્યાં વરસાદની હેલી ચોમેર પથરાયેલી અને બધા ખુશ થયા. જામ લાખાજી આ જોઈને કહ્યું અષાઢી બીજને નૂતન વર્ષ તરીકે ઉજવશુ ત્યાર પછી તે દિવસથી આજ સુધી રાજાશાહી અને લોકશાહીમાં દર વર્ષે ધૂમ ધામથી નવું વર્ષ ઉજવાય છે. હાલના આધુનિક યુગમાં પણ દેશ, વિદેશમાં વસતા કચ્છીઓ પોતાનો આ તહેવાર ખૂબ જ ઉત્સાહથી ઉજવે છે. કેશોદ શહેરમાં આષાઢી બીજની ઉજવણી કરવામાં યોજવામાં આવેલ કાર્યક્રમમાં કેશોદ પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

## ચાંદ એલાન

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ શહેર ચાંદ કમિટિના હાજી સૈયદ કાદરીબાપુની યાદી જણાવે છે કે, સને હિજરી ૧૪૪૪ માહે ઝિલ્લહજનો ચાંદ તા.૧૯-૬-૨૦૨૩ સોમવારે ૨૯મીનો થયેલ છે. જેથી મંગળવારની ઈસ્લામી તા. ૧ થઈ છે. જેની મુસ્લિમ બિરાદરોએ નોંધ લેવી.

# ભેંસાણ પીજીવીસીએલના નાયબ ઈજનેર ડી.એમ. ચોચાના પુત્રએ નીટની પરિક્ષામાં જીલ્લામાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો



(રેનિશ મહેતા દ્વારા) ભેસાણ તા.૨૧

ભેસાણ પીજીવીસીએલ કચેરીમાં નાયબ તરીકે ફરજ બજાવતા ડી.એમ. ચોચાના પુત્ર મિહિર ડી. ચોચાએ તાજેતરમાં લેવાયેલ નીટ-૨૦૨૩ ગુજરાતી માધ્યમની પરીક્ષામાં ૭૨૦ માર્ક્સમાંથી ૬૮૦ માર્ક્સ પ્રાપ્ત કરીને જૂનાગઢ જિલ્લામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે. તેમને ફિઝિક્સમાં ૧૮૦માંથી ૧૬૦ કેમેસ્ટ્રીમાં ૧૮૦માંથી ૧૭૦ અને બાયોલોજીમાં ૩૬૦માંથી ૩૫૦ માર્ક્સ મેળવેલ છે. તેમની આ સિધ્ધિને સમગ્ર સોરઠની જનતા અને પીજીવીસીએલ પરિવારે આવકારેલ છે.

# બીપરજોય વાવાઝોડાના પવનમાં ગુમ થયેલ બાર્જ ક્રિષ્ના પાંચ દિવસ બાદ પણ લાપતા

(સુરેશચંદ્ર એમ. ધોકાઈ દ્વારા) દ્વારકા તા.૨૧

જામનગરના ઓફ શોર મૂવીંગ વાહનોનો વ્યવસાય કરતી લોર્ડ્સ ઓફ શોર સર્વિસ નામની કંપનીનું બાર્જ ક્રિષ્ના રજીસ્ટ્રેશન નંબર ઓ.કે.પી.૮૦ વાળું બાર્જ એસ.પી.સિંગલા કંપનીની સાઈટ ઉપર કાર્યરત હતું. જે દરમ્યાન બીપરજોય વાવાઝોડાની સંભવિત અસરો અન્વયે સરકારની સૂચના અન્વયે કામ બંધ કરી સાઈટ પાસે આજ કંપનીના અન્ય ત્રણના બાર્જ પાસે સલામતીને ધ્યાને લઈ છ થી સાત અલગ અલગ સ્થળોને જોડાતા સખ્ત દોરડાથી બાંધી આ બાર્જ રાખેલ. દરમ્યાન તારીખ ૧૪-૬-૨૩નાં રોજ મરીન પોલીસ દ્વારા તેમને મળેલ સૂચના અન્વયે સાગર કિનારા ઉપરથી માણસોને સલામત જગ્યા ઉપર શિફટ કરવાની કામગીરી અન્વયે આ બાર્જમાં રહેલા તેના ખલાશીઓ ચાલ્યા ગયા બાદ તારિખ ૧૫ સવારથી ૧૬ સાંજ સુધીમાં બીપરજોય વાવાઝોડાનાં તોફાની પવનમાં આ સાઈટ ઉપર રહેલા એસ.પી.સિંગલાના ત્રણ અને પોતાનું એક મળી કુલ ચાર બાર્જ ગુમ થતાં તેના માલિક દ્વારા તાત્કાલિક બોટ દ્વારા સમુદ્રમાં તપાસ હાથ ધરી હતી પરંતુ આ ક્રિષ્ના બાર્જ ક્યાંયથી બિનવારસું મળી આવેલ નથી.

# જૂનાગઢની યોગ ગર્લ ઉર્જા સોલંકી : ૩૫ મિનિટ સુધી પુર્ણમત્સ્યેન્દ્રાસન કરી એશિયા બુક ઓફ રેકોર્ડ સ્થાપ્યો

## ઉર્જા સોલંકીએ કહ્યું, યોગ ક્ષેત્રમાં વિશ્વ ફલક ઉપર ભારત અને જૂનાગઢનું નામ રોશન કરવું છે







જૂનાગઢ, તા.૨૧

આજે સર્વત્ર વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. યોગએ નિરોગીપણાથી સમાધિ સુધીની યાત્રા છે. યોગ શબ્દનાં બે અર્થ થાય છે અને બંને મહત્વપૂર્ણ છે. પહેલો છે - જોડ અને બીજો છે સમાધિ. જયા સુધી આપણે પોતાની સાથે નથી જોડાતા, ત્યાં સુધી સમાધિ સુધી પહોંચવું મુશ્કેલ છે. એટલું નહી યોગથી નીરોગી અને સ્વસ્થ રહી શકાય છે. નિયમીત યોગ કરવાથી અનેક રોગમાંથી મુક્તિ મળે છે. મન અને શરિર સ્વસ્થ રહે છે.

જૂનાગઢમાં અનેક લોકો સવારનાં યોગ કરતા નજરે પડે છે. જૂનાગઢની યોગ ગર્લ ઉર્જા કિશોરભાઈ સોલંકીએ યોગમાં અનેક સિધ્ધિઓ હાંસલ કરી છે. સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીમાંથી યોગમાં એમ.એ. કર્યુ છે. મુળ મેંદરડાનાં અને હાલ જૂનાગઢ રહેતા ઉર્જા સોલંકીનાં પિતા કિશોરભાઈ સોલંકી શિક્ષક છે. માતા કુંદનબેન સોલંકી શિક્ષિકા છે. માતા અને પિતાની પ્રેરણાથી યોગ ક્ષેત્રે ઉર્જા સોલંકીએ અનેક સિધ્ધીઓ મેળવી છે. વર્ષ ૨૦૨૧માં ઉર્જા સોલંકીએ ૩૫ મિનિટ સુધી મત્સ્યેન્દ્રાસન કરી એશિયા બુક ઓફ રેકોર્ડ સ્થાપિત કર્યો છે. ઉર્જા સોલંકીએ કહ્યુ હતું કે, યોગ મારો પસંદગીનો વિષય છે. શાળા કાળથી યોગ કરું છું. પરંતુ મારા માતા કુંદનબેનની તિવ્ર ઈચ્છા મને આજે અહીં સુધી ખેંચી લાવી છે. તેમજ મારી અંદરની યોગ શક્તિને જગાડવામાં માતા અને પિતાનો મહત્વનો ફાળો છે. એશિયાનો નવો રેકોર્ડ બનાવી નવી ઓળખ ઉભી કરી છે. ૩૫ મિનીટ સુધી મત્સ્યેન્દ્રાસન કરી એશિયા બુક ઓફ રેકોર્ડ સ્થાપિત કર્યો છે.તેમજ નેશનલ લેવની સ્પર્ધાઓમાં અનેક મેડલ્સપ્રાપ્ત કર્યા છે. હાલ હું આયુષ હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટરમાં યોગ ઈન્સ્ટ્રકટર તરીકે ફરજ બજાવુ છું. હાલ યોગમાં અભ્યાસ ચાલું છે. મારુ ધ્યેય અહીં અટકતું નથી. યોગ ક્ષેત્રમાં વિશ્વ ફલક ઉપર ભારત અને જૂનાગઢનું નામ રોશન કરવુ છે. ઉર્જા સોલંકીએ કહ્યું હતું કે, લોકો નિયમીત યોગ કરવા જોઈએ. યોગથી અનેક ફાયદા થાય છે. લોકો સ્વાસ્થય સારુ બની રહે છે. નિયમીત યોગ કરવાથી અનેક રોગમાંથી મુક્તિ મળે છે. મન શાંત રહે છે. તેમજ યોગ ક્ષેત્રે પણ યુવાનો માટે અનેક તક છે. સરકાર યોગને લઈ અનેક પ્રયાસ કરે છે. સરકાર યુવાનો માટે નવુ પ્લેટફોર્મ તૈયાર કર્યું છે. યુવાનોને યોગમાં જોડી રહ્યાં છે.

**ઉર્જા સોલંકીએ યોગ ક્ષેત્ર હાંસલ કરેલી સિધ્ધીઓ**

- વર્ષ ૨૦૨૧માં મત્સ્યેન્દ્રાસનમાં એશિયા બુક ઓફ રેકોર્ડ બનાવ્યો
- વર્ષ ૨૦૧૪માં મધ્યપ્રદેશમાં યોજાયેલી નેશનલ યોગાસન સ્પર્ધામાં બીજો નંબર મેળવ્યો
- વર્ષ ૨૦૧૬માં વડોદરામાં યોજાયેલી કાયાવરોહણમાં ગુજરાત રાજય યોગાસન ચે.માં બીજો નંબર
- વર્ષ ૨૦૧૯માં વડોદરામાં યોજાયેલી કાયાવરોહણ ઓપન ગુજરાત યોગ ચે.માં પ્રથમ ક્રમાંક
- વર્ષ ૨૦૨૨માં ઓગન ગુજરાત યોગ ચે.માં બીજો ક્રમાંક
- વર્ષ ૨૦૨૨માં ઓપન ગુજરાત યોગ ચે.માં મિસ યોગીની ઓફ ધ ગુજરાતમાં રનઅપ તરીકે સ્થાન
- તમીલનાડુની યુનિવર્સિટી ઓફ મદ્રસમાં ઉત્તમ દેખાવ કર્યો
- ગુજરાત રાજય કક્ષાની સ્પર્ધામાં ગાંધીનગર(૨૦૧૬), ડેરોલ સ્ટેસન(૨૦૧૨), જૂનાગઢ(૨૦૧૫), ભાવનગર(૨૦૧૪) સિહોર(૨૦૧૩માં ઉત્તમ દેવાખ કર્યો.
- ખેલ મહાકુંભમાં જિલ્લા કક્ષાએ ૨૦૧૬માં પ્રથમ
- વર્ષ ૨૦૨૧માં રેકીમાં પ્રથમ ડિગ્રી પ્રાપ્ત કરી
- ખેલે ગુજરાત અંતર્ગત ભાવનગર, જૂનાગઢમાં તાલીમ મેળવી

**સંકલન : ક્રિષ્ના સીસોદીયા**

# જૂનાગઢ જીલ્લામાં યોગ કોચ- ટ્રેનર દ્વારા ૧૦૦ જેટલા યોગ કલાસ ચાલી રહ્યા છે

## યોગથી ફાયદો મેળવનાર અન્યોને યોગ શિખવવા માટે પ્રેરક બન્યા




જૂનાગઢ, તા.૨૧

જૂનાગઢ જિલ્લામાં સતત યોગનો વ્યાપ વધી રહ્યો છે, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા નિમાયેલા યોગ કોચ અને તેમની હેઠળ તૈયાર થયેલા ટ્રેનર્સ દ્વારા યોગને જન-જન અને ઘર-ઘર સુધી પહોંચાડવા માટે એક અભિયાન ચાલી રહ્યું છે.

સૌરાષ્ટ્ર ઝોનના યોગ પ્રચારક દિલીપસિંહ પરમાર કહે છે કે, આજના ભાગદોડ અને તનાવભર્યા જીવનના કારણે લોકોનો યોગ તરફ ઝુકાવ વધ્યો છે. આજે કેટલાક રોગોમાં એલોપથી દવાથી અસરકારક પરિણામ મળી નથી રહ્યું. ઉપરાંત ડાયાબિટીસ, સ્થૂળતા, પેટના દર્દો સહિતના અન્ય રોગોથી લોકો પરેશાન જોવા મળી રહ્યા છે. આ સ્થિતિમાં લોકો યોગને વિકલ્પ તરીકે પસંદ કરી રહ્યા છે. તેઓ કહે છે કે, આપણે જોયું કે, કોરોના કાળમાં યોગ-પ્રાણાયામથી લોકોને ખૂબ ફાયદો થયો હતો. તે નિષ્ણાંતોએ પણ સ્વીકારી હતું. આમ, યોગથી લોકોને શત પ્રતિશત ફાયદો થઈ રહ્યો છે અને લોકોને યોગથી મળેલા પરિણામના કારણે યોગ અપનાવનાર લોકોની સંખ્યામાં ઉતરોતર વધારો થઈ રહ્યો છે. જૂનાગઢ જિલ્લામાં ૧૦૦ જેટલા યોગ ક્લાસ ચાલી રહ્યા છે. તાલીમબદ્ધ યોગ કોચ અને ટ્રેનર્સ દ્વારા લોકો સુધી યોગ પહોંચાડવામાં આવી રહ્યો છે, હવે તો આ યોગ કોચ- ટ્રેનર હેઠળ યોગા કરતા સાધકો પણ અન્ય લોકોને યોગ અપનાવા માટેપ્રેરણા આપવાની સાથેયોગ શીખવાડી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગ ટ્રેનરને તૈયાર કરવા માટે યોગકોચને માસિક રૂા.૫૦૦૦નું માનક વેતન આપવામાં આવે છે. આ માટે દરરોજ એક કલાક સુધી ટ્રેનરને યોગની તાલીમ આપવાની હોય છે. તેવી જ રીતે ટ્રેનરને પોતાના વિસ્તારમાં લોકોને યોગ શીખવાડવા માટે રૂા.૩૦૦૦નું માનદ વેતન આપવામાં આવેછે. જો યોગ ટ્રેનર સવાર-સાંજ એક એક કલાક એમ બે સેશનમાં યોગ શીખવાડે તો રૂા.૬૦૦૦નુંમાનક વેતન મળવા પ્રાપ્ત થાય છે. આમ, જન-જન સુધી યોગ પહોંચી રહ્યો છે.

# પ્રાચીન ભારતીય પરંપરાની એક અમૂલ્ય ભેટ એટલે યોગ વિદ્યા

જૂનાગઢ, તા.૨૧

પ્રાચીન ભારતીય પરંપરા દ્વારા માનવ જાતને અપાયેલી એક અમૂલ્ય ભેટ એવી યોગ વિદ્યાને વિશ્વફલક ઉપર લાવવા તથા લોકોને આરોગ્ય, સુખાકારી અને માનવતા તરફ દોરવાના ઉમદા હેતુથી વડાપ્રધાન દ્વારા સંયુક્ત રાષ્ટ્ર સંઘની ૬૯ મી સામાન્ય સભા સમક્ષ ૨૧ મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવા કરેલ પ્રસ્તાવને સંયુકત રાષ્ટ્ર સંઘ દ્વારા મંજૂર કરવામાં આવેલ છે.

જેના ભાગરૂપે સમગ્ર વિશ્વમાં આજ તારીખ ૨૧ જૂનના દિવસને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવી રહેલ છે. આ વર્ષે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ૨૧ જૂન ના આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે તથા રાજ્ય સરકાર દ્વારા જી - ૨૦ ની વન અર્થ વન હેલ્થની થીમને ધ્યાનમાં રાખતા આ વર્ષે એક પૃથ્વી એક સ્વાસ્થ્યના નારા સાથે વસુધૈવ કુટુંબકમ માટે યોગ અને હર ઘરના આંગણે યોગના થીમ સાથે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી રહેલ છે.

# વિશ્વ સંગીત દિન ૨૧ જુન

## ભકત કવિ નરસિંહ મહેતાએ એક રસ થઈ ગાયેલો 'કેદાર' રાગ કેમ ભુલાય તો ગુજરાતનો અને નાગર જ્ઞાતિનો (બૈજુ) બૈજનાથ અવતાર મનાતા મનાતા સંગીતકાર પં.આદિત્યરામ વ્યાસ પણ જૂનાગઢના હતા

(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૨૧

સમગ્ર વિશ્વના દેશો ૨૧ જુને વિશ્વ સંગીત દિવસ રીકે ઉજવે છે. સોરઠમાં વરસોથી રાગ-રાગીણી-સંગીતનું જનત-સંવર્ધન થતું જ આવ્યું છે. ભકત કવિ નરસિંહ મહેતા અને કેદાર રાગની વાત લોક હૈયામાં જોડાયેલી છે. ગુજરાતના નાગર જ્ઞાતિના બૈજનાથ અવતાર મનાતા સંગીતકાર પં.આદિત્યરામ વ્યાસનો જન્મ ઈ.સ.૧૮૧૯માં જૂનાગઢમાં થયોહતોઅને માત્ર નવ વરસની ઉંમરે સંગીત શીખી લીધા બાદ નવાબે તેને રાજગાયક બનાવ્યા અને મૃદંગવાદનમાં પ્રાવિણ્ય મેળવ્યું. ૧૮૪૧થી જામનગર સ્થાયી થયા અને ત્યાં રાજગાયક બન્યા. 'તારી આંખનો અફીણી તારા રૂપની પૂનમનો પાગલ એકલો' એ દિવાદાંડી ફલ્મનું ગુજરાતી ગીત આજેય શાશ્વત છે તેના ગાયક દિલીપ ધોળકીયા જૂનાગઢના હતા. જો કે, આજે સુગમ સંગીત શાસ્ત્રીય સંગીત, ફિલ્મોનું કાયમી ગુંજે તેવું સંગીત, ગાયન સાવ લુપ્ત થયું છે. અંતકડી, મનકડીથી તેના છોડને સંવર્ધન મળતું પણ હવે બંધ થઈ ગયું છે. મોબાઈલ વળગણે મોટો ધકકો લગાવ્યોછે. હા લગ્નના વરઘોડામાં ડી.જે. સંગીત અને તેના વાદકો પાસે હજુ આ યુગમાં યેતે યુગના ગીત ગવડાવાય કે વગાડાવાય છે. જેવા કે, એવરગ્રીન એ ગીતો ભોલી સુરત વાલે દિલ કે ખોટે નામ બડે ઔર દર્શન ખોટે, આયે હો મેરી જીંદગીમે તુમ બહાર બનશે, મેરે દિલમે યું હી રહના, યે દેશ હૈ વીર જવાનો કા, અલબેલોકા મસ્તાનોકા, મન ડોલે મેર નત ડોલે, સંગીતમાં અહીંના વેરાવળના નામને મળતો આવતો બિલાવલ રાગ પણ છે તેમ લોક માન્યતા છે. હાર્મોનીયમ, માઉથઓરગન, અલોપ પણ સંગીતનું સ્થાન સદાય સાશ્વત જ રહેશે.

### યોગ ચમત્કાર સર્જી શકે છે

# ૩૨-૩૩ વર્ષની ઉંમરે કાર્ડિયાક એરેસ્ટથી પીડાતા દર્દીને ડોક્ટરે કહ્યું કે, જિંદગીભર દવા લેવી પડશે...પણ યોગથી થયા સંપૂર્ણ તંદુરસ્ત

## યોગના બળે સાજા થયાનો કિસ્સો અચરજ પમાડવાની સાથે પ્રેરણા આપે છે

## ૧૦૦ વર્ષ સુધી બીમાર પડ્યા વગર જીવવું હોય તો એક જ માર્ગ છે યોગ

જૂનાગઢ તા.૨૦

અંદાજે ૩૨-૩૩ વર્ષની ઉંમરે છાતીમાં દુ:ખાવો થવો અને તબીબી તપાસમાં ડોક્ટરે કહ્યું કે, કાર્ડિયેક એરેસ્ટ છે એટલે કે, વત્તી-ઓછી માત્રામાં રક્તવાહિનીઓમાં બ્લોકેજ છે. જેથી ૭૨ કલાક સુધી આઈસીયુમાં રહે પડ્યું હતું. તબીબો કહે છે કે, જિંદગીભર લોહી પાતળા કરવાની દવા-ગોળી લેવી પડશે. તેને એક ચેલેન્જ તરીકે ઉપાડી, તે તેમને યોગ સુધી લઈ જાય છે. તેના પરિણામે આજે ૫૦ વર્ષની ઉંમરે તરોજાતા અને તંદુરસ્તતાની સાથે સેંકડો લોકોને યોગ દ્વારા આરોગ્ય બક્ષવાનું કામ કરીરહ્યા છે. આ વાત છે, જૂનાગઢના જયંતીલાલભાઈ કાછડીયાની તેઓ કહે છે કે, મારી સફરથી તબીબો પણ અચરજ પામી ગયા હતા. હૃદય સંબંધી બીમારી હોવાથી ડોક્ટરની સલાહ મુજબ અઢી ત્રણ વર્ષ દવા લીધી. પણ મેં દ્રઢ નિશ્ચય કર્યો હતો કે, આવી રીતે જિંદગી ન જીવી શકાય અને કાયમી માટે તો દવાતો નથી જ લેવી. પછી સ્વત: તબીબી બાબતો જાણવાનુંશરૂ કર્યું, તેમને યોગ સુધી લઈ જાય છે. યોગાચાર્ય રેણુબેન શુક્લા અને ટેલિવિઝનના માધ્યમથી યોગ શીખવાનું શરૂ કર્યુ અને શીખ્યો પણ. આમ, સતત ત્રણ વર્ષ સુધી નિયમિત યોગા કર્યા અને સંપૂર્ણ સ્વસ્થ જીવન જીવી રહ્યો હતો, એટલે છ મહિના સુધી દવા ન લેવાનો મેં જાતે નિર્ણય કર્યો.ત્યાર પછી ડોકટર પાસે તબીબી ચેકઅપ માટે ગયો ત્યારે ડોક્ટરે પણ અચરજ પામતા કહ્યું કે, છ મહિના સુધી દવા ન લેવાથી કશું નથી થયું ! તેમણે કહ્યુ તો, દવા લેવાની જરૂર નથી. ત્યારે ડોક્ટરે પણ પીઠ થબથબાવતા કહ્યું કે, તે દોસ્ત કંઈક અલગ કરી બતાવ્યું. આ સાથે ડોક્ટરે છ મહિનાના અંતરે લિપિડ પ્રોફાઈલ સહિતના રિપોર્ટ કરાવવા માટે કહ્યું હતું. તે કરાવતો રહ્યો. પણ છેલ્લા ત્રણેક વર્ષથી તે પણ કરવાનું બંધ કરી દીધું છે. આમ, યોગ જીવનમાં



ચમત્કાર સર્જી શકે છે. તેઓ કહે છે કે, યોગથી કાર્ડિયાક એરેસ્ટ તો દૂર થયો સાથે હરસ મસાની બીમારી પણ જતી રહી, આમ યોગથી રોગપ્રતિકારક શક્તિમાં ખૂબ વધારો થાય છે. જયંતીલાલભાઈ કાછડીયા આજે યોગ મય જીવન જીવી રહ્યા છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડની પરીક્ષા પાસ કરી યોગ કોચ બની ગયા છે, તેમણે અત્યાર સુધીમાં સેંકડો લોકોને યોગ શિખવાડી ચૂક્યા છે તેમની નીચે ટ્રેનર તૈયાર થઈ અન્ય લોકોને યોગ શિખવાડી રહ્યાં છે. તેઓ કહે છે કે, સારી. બેસ્ટ અને વેરેન્ટેજ વગરનું જીવન જીવવું હોય તો યોગ કરો. યોગ તમને આરોગ્ય તો આપશે પણ આત્માના પરમાત્મા સાથેના મિલનના માર્ગ પણ ખોલી નાખશે. કાછડીયા માને છે કે, ૧૦૦ વર્ષ સુધી બીમાર પડ્યા વગર જીવવું હોય તો એક જ માર્ગ છે યોગ... તેઓ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની પૂર્વ સંધ્યાએ વિશ્વ યોગ દિવસની શુભેચ્છા સંદેશ પાઠવતા રહે છે. કે, યોગ કરો.... યોગ કરો.... યોગ કરો.. અને રહો નિરોગ.

# પીરે તરીકત હઝરત ગુલઝાર બાપુ નુરી હજજ માટે જતા શાનદાર જલ્સાનું આયોજન

જૂનાગઢ, તા.૨૧

જૂનાગઢ, સૌરાષ્ટ્રની મશહુર ખાનકાહ, ખાનકાહે રઝવિય્યાહન ગાદીનશીન અને પીરે તરીકત, હુઝુર ગુલઝારે મિલ્લત હઝરત અલ્લામાં ગુલઝાર અહમદ નૂરી તથા જનાબ અલાઉદીનભાઈ રઝવી તેમજ મુરીદો સાથે મકકા મદીનાની ઝિયારત માટે જતા હોવાથી તા.૨૨/૬/૨૦૨૩ ગુરૂવારે રાત્રે ઈશાની નમાઝ બાદથી ૧૧:૩૦ વાગ્યા સુધી મર્કઝે એહલે સુન્નાત, મસ્જીદે રઝા, જૂનાગઢમાં હુઝુર ગુલઝારે મિલ્લતના ઈસ્તકબલના શાનદાર જલ્સાનું આયોજન કરવામાં આવેલ છે જેમાં નાતો મનકબત તથા ઓલમાએ કિરામના બયાનો થશે. આ જલ્સામાં આયોજન કરવામાં આવેલ છે જેમાં નાતો મનકબત તથા ઓલમાએ કિરામના બયાનોથશે. આ જલ્સામાં ખાસ હુઝુર ગુલઝારે મિલ્લત હઝરત અલ્લામાં ગુલઝાર અહમદ નુરી હજજના વિષય ઉપર શાનદાર તકરીર ફરમાવશે. આ જલ્સામાં તમામ સુન્ની મુસ્લીમ બિરાદરો તથા મુરીદોને બહોળી સંખ્યામાં હાજરી આપવા અરાકીને મર્કઝે એહલે સુન્નાત, મસ્જીદે રઝા, આશીકાનો હુઝુર ગુલઝારે મિલ્લત, અરાકીને દારૂલ ઉલુમ અન્વારે મુસ્તફા તથા અસાતઝાએ દારૂલ ઉલુમ અન્વારે મુસ્તફાએ ખાસ અપીલ કરી છે. પ્રોગ્રામ પૂર્ણ થયા બાદ રાત્રે ૧૧:૪૫ વાગ્યે ગુલઝારબાપુ જૂનાગઢથી અમદાવાદ જવા રવાના થશે તેમ એક યાદીમાં જણાવેલ છે.

# મુંબઈમાં નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટરમાં બનારસી વણાટનું પ્રદર્શન યોજાયું



મુંબઈ, તા.૨૧ : રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને અધ્યક્ષ શ્રીમતી નીતા અંબાણી વર્ષોથી ભારતીય કળા અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે ખૂબ નજીકથી સંકળાયેલા છે. કલાકારો શ્રી રામજી અને શ્રી મોહમ્મદ હારૂને મુંબઈમાં નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટરમાં બનારસી વણાટનું પ્રદર્શન કર્યું હતું. ભારતની મૂલ્યવાન સંસ્કૃતિ અને વારસાને સાચવી રાખનારા કલાકારો સ્વદેશ પ્રદર્શનમાં મુલાકાતીઓને સીધા જ મળી શક્યા અને કળાપ્રેમીઓ કલાકારોને તેમનું કામ કરતાં લાઈવ નિહાળવાનો ઉત્કૃષ્ટ અનુભવ મેળવવાના સાક્ષી બન્યા હતા. શ્રી રામજી અને શ્રી મોહમ્મદ હારૂન સહિતના સ્વદેશ કલાકારોને શ્રીમતી અંબાણી મળ્યા અને તેમની પ્રતિભા તથા કળા પ્રત્યેના તેમના સમર્પણની ભરપૂર પ્રશંસા કરી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# જેક ડોર્સીનું નિવેદન ભારત વિરોધી પ્રચારની નવી કડી છે

લોકતંત્રની ખૂબી જ એ છે કે તે આલોચનાનો સ્વીકાર કરે. ભારતની પ્રતિષ્ઠા એક લોકતાંત્રિક દેશ રૂપે આખી દુનિયામાં એટલા માટે જ છે, કારણ કે સાર્થક ટીકાઓને અહીં સ્વર મળતો રહે છે. ઉલ્લેખનીય છે કે ભારતમાં સકારાત્મક વિરોધ સામે ઝૂકવાની દાનત દેખાતી રહી છે. દેશમાં ચાલેલા ત્રણ કૃષિ કાયદા વિરોધી આંદોલનને એક દૃષ્ટાંત માની શકાય છે, જ્યારે કેન્દ્ર સરકારે ખેડૂતોના એક વર્ગને નાપસંદ પડેલા ત્રણ કૃષિ કાયદા પાછા ખેંચી લીધા હતા. પરંતુ એક સંપ્રભુ રાષ્ટ્રના મજબૂત લોકતંત્રની એક ખૂબી એ પણ છે કે તે ખાસ એજન્ડા સાથે વિદેશથી ચલાવાઈ રહેલ દુષ્પ્રચારનો જડબાતોડ જવાબ આપે. આ જ કારણ છે કે હાલમાં જ્યારે ટ્વિટરના સહ-સંસ્થાપકોમાંનો એક જેક ડોર્સીએ ભારત સરકારના વલણને લઈને બયાનબાજી કરી, તો સરકાર દ્વારા તેનું જોરદાર ખંડન કરવામાં આવ્યું. જેક ડોર્સીનું નિવેદન વિદેશમાં બેસીને ભારત-વિરોધી પ્રચારની શૃંખલાની એક નવી કડી છે.

આ નિવેદન અને એવી તમામ ટીકાઓ અને નિવેદનો એ વિશ્લેષણની માંગ કરે છે કે શું કોઈ વ્યક્તિ કે સંગઠન બહાર જઈને કે અહીં બેસીને ભારત-વિરોધી પ્રચાર કરી શકે છે, જેમાં વ્યક્તિ કે સંગઠનની દાનત સ્પષ્ટ ન હોય? ડોર્સીએ એમ પણ કહ્યું છે કે ભારત સરકારે નિયમ નહીં માનતાં ટ્વિટરના કર્મચારીઓના ઘરે છાપામારી કરવા અને ઓફિસ બંધ કરવાની વાત પણ કહી હતી. જેક ડોર્સી ત્યાં સુધી બોલ્યો કે એ દરમ્યાન (૨૦૨૦-૨૧માં) ભારત સરકારનું વલણ આ મામલે તુર્કી અને નાઈજીરિયાની સરકાર જેવું હતું, જેણે સરકાર વિરોધી ટ્વિટર હેન્ડલ્સને બંધ કરવાની માંગ કરી હતી.

ડોર્સીના આ નિવેદન બાદ દેશમાં રાજકીય નિવેદનબાજી તેજ થઈ ગઈ. ખાસ કરીને વિપક્ષ આ નિવેદનનું ઓઠું લઈને સત્તા પક્ષ પર હુમલા કરી રહ્યો છે. પરંતુ આ મામલે વસ્તુસ્થિતિ જોવાથી ખબર પડે છે કે ડોર્સીએ જે ધમકીઓની વાત કરી છે, ભારત સરકાર દ્વારા એવી કોઈ કાર્યવાહી નથી થઈ. આ તમામ આરોપો પર કેન્દ્ર સરકારનો પક્ષ મૂકતાં મંત્રી રાજીવ ચંદ્રશેખરે સ્પષ્ટ કર્યું છે કે ત્રણ નવા કૃષિ કાયદા વિરોધી આંદોલન દરમ્યાન ભારતમાં ના તો ટ્વિટરની ઓફિસ પર છાપો મારવામાં આવ્યો કે ના કોઈને જેલમાં મોકલવામાં આવ્યો. તેનાથી વિપરીત ટ્વિટર પર આ દરમ્યાન ખોટી માહિતી અને નરસંહાર સુધ્ધાંના રિપોર્ટ આવ્યા, જે ભારત સરકાર અનુસાર નિશ્ચિતપણે બનાવટી હતા. આ બનાવટી માહિતીથી દેશમાં અરાજક માહોલ બની શકતો હતો, તેથી સરકારે ટ્વિટરના મંચ પરથી ખોટી માહિતી હટાવવા મજબૂર થવું પડ્યું. આ કાર્યવાહી ભારતીય કાયદાઓ અંતર્ગત જ કરવામાં આવી હતી. એમ પણ એક સંપ્રભુ રાષ્ટ્ર તરીકે ભારત સરકારને એ પૂરતો અધિકાર છે કે દેશની સીમાઓની અંદર કામ કરનારી કંપનીઓ આ દેશના કાયદાનું પાલન કરે. રાજીવ ચંદ્રશેખર અનુસાર ડોર્સીને ભારતીય કાયદાઓની સંપ્રભુતાને સ્વીકાર કરવાનું ગમતું ન હતું. એ દરમ્યાન ટ્વિટરે એવો વ્યવહાર કર્યો, જાણે ભારતીય કાયદા તેના પર લાગુ નથી થતા.

૨૦૧૯માં ટ્વિટર અને આઈટી પર બનેલી સંસદીય સમિતિ વચ્ચે ટકરાવની એક સ્થિતિ ત્યારે બની હતી. કારણ કે ટ્વિટરને એક ફરિયાદ મળ્યા બાદ મોકલવામાં આવેલ નોટિસ હતી, જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે ટ્વિટર પોતાના મંચ પર રહેલ જમણેરી વિચારોને જાણીજોઈને નિશાનો બનાવી રહ્યું છે, જ્યારે સરકારી સિસ્ટમનો વિરોધ કરનારા વિચારો અને તેના સમર્થકોને હવા આપી રહ્યું છે. આ નોટિસમાં મંત્રી અનુરાગ ઠાકુરની આગેવાનીવાળી કમિટીએ કંપનીના સીઈઓ જેક ડોર્સી સહિત સીનિયર અધિકારીઓને હાજર રહેવા કહ્યું હતું. પરંતુ નોટિસના જવાબમાં ટ્વિટરના સીઈઓ સહિત અન્ય શીર્ષ અધિકારીઓએ સમિતિ સામે રજૂ થવાનો ઈન્કાર કરી દીધો હતો.

સરકારે તર્ક આપ્યો હતો કે આ કંપનીઓ દેશની અંદર કાનૂની પ્રક્રિયાથી એટલા માટે બચી જાય છે, કારણ કે તેમનું લાયસન્સ દેશની અંદરથી નથી લેવામાં આવ્યું. પરંતુ તેના માટે ઈન્ટરનેટ મીડિયા કંપનીઓ તૈયાર ન હતી. આ કંપનીઓએ દલીલ કરી હતી કે તેઓ યુઝર્સની નિજતા સાથે સમજૂતી નથી કરી શકતી, તેથી તે આ બદલાવો માટે તૈયાર નથી. ટ્વિટર, વોટ્સએપ અને ફેસબુક ઉપરાંત ગૂગલે પણ ત્યારે સરકારને આ જ તર્કના આધારે ડેટા વહેંચવાની ના પાડી દીધી હતી. અહીં પૂછી શકાય છે કે શું દુનિયાની કોઈ સરકારને એટલો ય હક નથી કે તે આંતરરાષ્ટ્રીય સ્તર પર કામ કરી રહેલી કંપનીઓને પોતાના રાષ્ટ્રની સુરક્ષા અને સંપ્રભુતા અનુસાર કામ કરવા માટે કહી શકે? ચીનમાં તો આ કંપનીઓને કાં તો કામ કરવાની પરવાનગી જ નથી કે પછી તેમને ચીનની શરતો માન્યા બાદ જ પરવાનગી મળે છે. ભારત એક લોકતાંત્રિક દેશ હોવાના નાતે બંધારણે આપેલા અધિકારો અંતર્ગત અભિવ્યક્તિને સ્વતંત્રતા આપે છે અને આ કંપનીઓને અહીં કામ કરવાનો અવસર પણ પ્રદાન કરે છે, તો આ કંપનીઓ મનમાની પર ઉતરી આવે છે. જોવામાં આવે તો ભારતમાં આઈટી એક્ટની કલમ-૭૯ અંતર્ગત આ કંપનીઓને સુરક્ષા અને છૂટ મળેલી છે, શરત એટલી કે આ કંપનીઓ મધ્યસ્થતા નિયમોનું પાલન કરે. આ નિયમો કહે છે કે આ કંપનીઓએ દર મહિને વાંધાજનક કન્ટેન્ટ હટાવવાના રિપોર્ટ આપવા સહિત ભારતમાં ફરિયાદ, નોડલ અને અનુપાલન અધિકારીની નિયુક્તિ કરવી પડશે.

ભારતમાં ન્યાયાલયોએ પણ સ્પષ્ટ કર્યું છે કે આ તમામ કંપનીઓ કાનૂની રીતે વાંધાજનક કન્ટેન્ટ હટાવવા માટે બંધાયેલી છે. એનાથી સંબંધિત આઈટી એક્ટની બેહદ પ્રચલિત ધારા ૬૯-એમાં એવા ઈન્ટરનેટ મીડિયા પ્લેટફોર્મ અને એપ્સને બ્લોક કરવા અને સંબંધિત કન્ટેન્ટ હટાવવા માટે કેન્દ્ર સરકારને આપાતકાલીન શક્તિઓ મળેલી છે. જો આ દરમ્યાન સરકાર પોતાની આ શક્તિઓનો ઉપયોગ કરીને કાનૂની દાયરામાં ઈન્ટરનેટ મીડિયા કંપનીઓને વાંધાજનક સામગ્રીનો પ્રચા-પ્રસાર રોકવાનું કહ્યું છે, તો સવાલ છે કે શું સરકારને તેના માટે કઠેરામાં ઊભી કરી શકાય કે તેણે કોઈના પર વધારાનું દબાણ કર્યું છે. જેક ડોર્સી ખુદ કહી રહ્યો છે કે ભારત તેના માટે એક મોટું બજાર છે. એવામાં શું તેણે બજારના નિયમ-કાયદાની ચિંતા ન કરવી જોઈએ? બહેતર રહેશે કે જેક ડોર્સી બીજાઓને સલાહ આપતાં પહેલાં પોતાનાં કરતૂતો જુએ કે તેણે શું કર્યું છે.

### કોકા-કોલા ઈન્ડિયા નેશનલ વોટર એવોર્ડ મેળવનારી પ્રથમ બેવરેજ કંપની

# કોકાકોલા ઈન્ડિયા (કોકાકોલા ઈન્ડિયા ફાઉન્ડેશન 'આનંદના' દ્વારા) બોટલિંગ ઓપરેશન્સ અને ઓનગ્રાઉન્ડ ઈમ્પ્લીમેન્ટેશન પાર્ટનર્સ પાસે ૫૦૦થી વધુ વોટર હાર્વેસ્ટિંગ પ્રોજેક્ટ્સ છે, જે સમગ્ર ભારતમાં ૧૦ લાખ લોકોને લાભ આપે છે

(જી.એન.એસ),તા.૨૧

નવી દિલ્હી, ૧૯ જૂન ૨૦૨૩: કોકા-કોલા ઈન્ડિયા, જે એક અગ્રણી વૈશ્વિક બેવરેજ કંપની છે, તેને "જળ સંરક્ષણ ક્ષેત્રે ઝજીઈ પ્રવૃત્તિઓ માટે શ્રેષ્ઠ ઉદ્યોગ" કેટેગરીમાં નેશનલ વોટર એવોર્ડ ૨૦૨૨ એનાયત કરવામાં આવ્યો છે. કંપની જળ વ્યવસ્થાપન માટે રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત કરનારી ભારતની પહેલી બેવરેજ કંપની છે. આ એવોર્ડ કંપનીના નોંધપાત્ર જલધારા પ્રોજેક્ટ માટે ભારત સરકારના જળશક્તિ મંત્રાલય દ્વારા આપવામાં આવ્યો છે. કોકાકોલા ઈન્ડિયા ફાઉન્ડેશન 'આનંદના' અને ઈમ્પ્લીમેન્ટેશન પાર્ટનર એસએમ સેહગલ ફાઉન્ડેશન દ્વારા આ જલધારા પ્રોજેક્ટ કર્ણાટકના કોલાર જિલ્લામાં અને આંધ્રપ્રદેશના અનંતપુર જિલ્લામાં અમલમાં મૂકવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ ભૂગર્ભજળના સ્તરમાં નોંધપાત્ર સુધારો કરીને, એકંદર પાકની ઉત્પાદકતામાં વધારો કરીને અને અસરકારક જળ સંસાધન વ્યવસ્થાપન દ્વારા ખેડૂતોની આજીવિકામાં સુધારો કરીને લોકોના જીવનમાં પરિવર્તન લાવવાનો છે.

નેશનલ વોટર એવોર્ડ્સની શરૂઆત વર્ષ ૨૦૧૮માં કરવામાં આવી હતી. આ એવોર્ડ એવી કંપનીઓને સન્માનિત કરવા અને માન્યતા આપવા માટે ઈન્ટ્રોડ્યુસ કરવામાં આવ્યા હતા, જેઓ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ, પર્યાવરણીય વ્યવસ્થાપન અને સામાજિક પ્રભાવોને પ્રમોટ કરવામાં ઉત્કૃષ્ટ કામગીરી કરે છે. 'જલ સમૃદ્ધ ભારત' ના સરકારના વિઝન સાથે સંલગ્ન આ એવોર્ડ્સનો હેતુ સમગ્ર દેશમાં વિવિધ વ્યક્તિઓ અને સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલા પ્રશંસનીય પ્રયાસોને હાઈલાઈટ કરવાનો અને તેની સરાહના કરવાનો છે. પાણીના મહત્વ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવીને અને શ્રેષ્ઠ વોટર મેનેજમેન્ટ પ્રેક્ટિસિસને અપનાવવાની બાબતને પ્રોત્સાહન આપીને, આ ઈવેન્ટ કોલાબોરેશન એટલે કે સહયોગને પ્રોત્સાહિત કરે છે તેમજ જળ સંરક્ષણ અને વ્યવસ્થાપન સંબંધિત પહેલોમાં જાહેર જનતાના જોડાણને મજબૂત કરે છે.

એસએમ સેહગલ ફાઉન્ડેશનની ભાગીદારીમાં શરૂ કરવામાં આવેલ જલધારા વોટર પ્રોજેક્ટનો ઉદ્દેશ ભારતમાં પાણીની અછતવાળા વિસ્તારોમાં ભૂગર્ભજળનું સ્તર ઊંચું લાવવાનો હતો. કોકા-કોલા ઈન્ડિયાએ આ પ્રોજેક્ટ હેઠળ કોલાર (કર્ણાટક)માં પાણીની ટાંકીનું ડિસિલ્ટેશન કરીને અને અનંતપુર (આંધ્ર પ્રદેશ)માં ચેકડેમ બનાવીને, આ દિશામાં પ્રશંસનીય પ્રગતિ કરી છે.

પબ્લિક અફેર્સ, કોમ્યુનિકેશન્સ એન્ડ સસ્ટેનેબિલિટી ફોર ઈન્ડિયા એન્ડ સાઉથવેસ્ટ એશિયાના વાઈસ પ્રેસિડેન્ટ દેવયાની રાજ્યલક્ષ્મી રાણાએ કહ્યું કે, "નેશનલ એવોર્ડ્સમાં સીએસઆર (ઝજીઈ) કેટેગરી માટે શ્રેષ્ઠ ઉદ્યોગોમાં બીજા ક્રમાંક માન્યતા પ્રાપ્ત કરવા માટે અમે ગૌરવની લાગણી અનુભવીએ છીએ. તમામ માટે સસ્ટેનેબલ અને સર્વસમાવેશી ભવિષ્યની દિશામાં સમર્પણથી કામ કરવાની અમારી ભાવનાને આ એવોર્ડથી ઘણું બળ મળ્યું છે. જલધારા પ્રોજેક્ટે પરિવર્તનકારી અસર કરી છે, સકારાત્મક રીતે સમુદાયોને પ્રભાવિત કર્યા, અને સમગ્ર ભારતમાં પીડિત વિસ્તારોના સર્વગ્રાહી વિકાસમાં યોગદાન આપ્યું છે."

તેમણે વધુમાં જણાવ્યું કે, "અમારી પાણી આધારિત પહેલો વહેંચાયેલા પાણીના પડકારોને ઘટાડવા, પ્રાથમિકતા ધરાવતા વોટરશેડ્સ એટલે કે જળાશયોના સ્વાસ્થ્યને સુધારવા અને કોમ્યુનિટી વોટર રેઝિલિયન્સ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. અમે અમારી કામગીરીમાં જેટલા પાણીનો વપરાશ કરીએ છીએ, તેના ૨૦૦% થી વધુ પાણી અમે ફરીથી ભરી દઈએ છીએ. કોકાકોલા ઈન્ડિયા માનનીય વડાપ્રધાનશ્રીના મિશન ન્લ્હઈ માટેના આહ્વાનને સંલગ્ન રહીને કામગીરી કરી રહી છે. મિશન ન્લ્હઈ પર્યાવરણને અનુકૂળ વર્તનને પ્રોત્સાહિત કરતી ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા પ્રો-પ્લેનેટ પીપલ (ઁ૩) અભિગમ પર ભાર મૂકે છે."

એસએમ સેહગલ ફાઉન્ડેશનના ટ્રસ્ટી અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અંજલિ મખીજાએ જણાવ્યું, "કોકાકોલા ઈન્ડિયા જેવી સંસ્થાઓ સાથે અર્થપૂર્ણ ભાગીદારી દ્વારા, અમે સમુદાયોમાં કાયમી પરિવર્તન લાવવામાં ખૂબ ગર્વ અનુભવીએ છીએ. આ પ્રતિષ્ઠિત પુરસ્કાર સકારાત્મક પરિણામો પ્રાપ્ત કરવા તરફના અમારા અતૂટ સમર્પણનો પુરાવો છે. અમે ઘણા સકારાત્મક પરિણામો મેળવ્યા છે, જેવાં કે, માટીની ગુણવત્તામાં વધારો, પાકની ઉપજમાં વધારો તેમજ અનંતપુરમાં ચેકડેમનું નિર્માણ કરીને અને સુધારેલ ભૂગર્ભજળના પ્રવાહ દ્વારા કોલારમાં ટાંકીઓનું ડિસિલ્ટિંગ અને કાયાકલ્પ કરીને ભૂગર્ભજળના સ્તરમાં નોંધપાત્ર વધારો. સ્થાનિક સમુદાયો સાથે મળીને કામ કરીને જળ સંસાધનોની પહોંચ વધારવાને કારણે આ સિદ્ધિઓ શક્ય બની છે." જલધારા પ્રોજેક્ટનું સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર બોર્ડ (ઝ્રય્ઉમ્) અને સેન્ટ્રલ વોટર કમિશન (ઝ્રઉઝ)ની ટેકનિકલ સ્ક્રીનીંગ કમિટી દ્વારા સક્ષ્મ મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. મૂલ્યાંકનમાં ભૂગર્ભજળ રિચાર્જ, વોટર મેનેજમેન્ટ ગવર્નન્સ, સામાજિક-આર્થિક અસર અને લાભાર્થીઓની સંખ્યા સહિત વિવિધ પાસાઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

# નવતર અભિગમ સાથે ગુજરાત સરકારની વધુ એક નવી યોજના : ગુજરાતના શહેરી વિસ્તારમાં બાગાયતનો વ્યાપ વધારવા રૂા.૩૨૪ લાખની જોગવાઈ સાથે 'અર્બન ગ્રીન મિશન કાર્યક્રમ' અમલમાં મૂકાયો

(જી.એન.એસ),તા.૨૧

પોતાના નવતર અભિગમો અને અનેકવિધ આગવી પહેલોના પરિણામે ગુજરાતે હરહંમેશ દેશના અન્ય રાજ્યો માટે દીવાદાંડી બની પ્રેરણા આપી છે. દરેક ક્ષેત્રે રહેલી વિપુલ તકોને લક્ષ્ય રાખીને કંઈક નવું કરવાની કાર્યપદ્ધતિ ગુજરાત સરકારે અપનાવી છે. ગુજરાત સરકારની લોકકલ્યાણકારી પહેલોના લીસ્ટમાં હવે એક વધુ નામ ઉમેરાયું છે. રાજ્યના શહેરોમાં બાગાયતનો વ્યાપ વધારવા તેમજ તાલીમ થકી યુવાનોના કૌશલ્યમાં વૃદ્ધિ કરી તેમના માટે રોજગારીની નવી તકો ઉભી કરવાના નેક ઉદ્દેશ્ય સાથે રાજ્ય સરકાર દ્વારા વધુ એક નવી યોજના તરીકે 'અર્બન ગ્રીન મિશન કાર્યક્રમ' અમલમાં મૂકવામાં આવ્યો છે. આ યોજના અંગે વિગતવાર માહિતી આપતા કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું કે, રાજ્યના શહેરી વિસ્તારમાં અર્બન હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ એટલે કે શહેરોમાં બાગાયતના વિકાસ માટે ઘણો અવકાશ રહેલો છે. આ ઉપરાંત શહેરી વિસ્તારમાં માળી કામના સ્કીલ મેનપાવરની પણ અછત છે. આ બંને જરૂરિયાતોને ધ્યાને રાખીને રાજ્યના યુવાનોને શહેરી બાગાયત માટે માળી કામની કૌશલ્યવર્ધક તાલીમ આપી શહેરી સ્વરોજગારી તકોમાં વધારો કરવાનો રાજ્ય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. ચાલુ વર્ષના બજેટમાં પણ અર્બન ગ્રીન મિશન કાર્યક્રમ માટે રૂ. ૩૨૪ લાખની જોગવાઈ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે. મંત્રી પટેલે ઉમેર્યું હતું કે, આ કાર્યક્રમ હેઠળ રાજ્ય સરકારના બાગાયત વિભાગ દ્વારા ત્રણ દિવસ માટે માળી કામ માટેની કૌશલ્યવર્ધન તાલીમ આપવામાં આવશે. આમ રાજ્યના અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા, ભાવનગર, જુનાગઢ, જામનગર અને ગાંધીનગર સહિતના આઠ મહાનગરોમાં બાગાયત ખાતા દ્વારા કુલ ૧૭૫ તાલીમોનું આયોજન કરવામાં આવશે. આ તાલીમમાં સહભાગી થતા તાલીમાર્થીઓને રાજ્ય સરકાર દ્વારા રૂ. ૨૫૦ પ્રતિ દિનની મર્યાદામાં વૃતીકા તેમજ માળી કામ માટેની જરૂરી ગાર્ડન ટૂલ કીટ પણ આપવામાં આવશે. આ તાલીમ મેળવી રાજ્યના અનેક યુવાનો માટે રોજગારીની નવી તકો ઉભી થશે અને માળી કામમાં કૌશલ્યવર્ધન થકી યુવાનો આત્મનિર્ભર બનશે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, કોરોના મહામારીના સમયગાળા દરમિયાન નાગરીકોમાં પોષણ અને તંદુરસ્તી અંગે જાગૃતિ કેળવાઈ હતી. ફળો અને શાકભાજીમાંથી જરૂરી મીનરલ્સ, વિટામીન, કાબાર્ેહાઈડ્ર્ેટ, એન્ટીઓક્સિડન્ટ સહિતના મહત્વપૂર્ણ પોષકતત્વો મળે છે. શહેરી વિસ્તારમાં રહેતા નાગરીકોને ઘર આંગણે જ શુદ્ધ અને તાજા ફળ- શાકભાજી મળી રહે તે માટે બાગાયતી પેદાશોના જતન, સંવર્ધન અને મૂલ્યવર્ધન અંગે જરૂરી તાલીમો અપાય તે પણ જરૂરી છે. જેથી આ તાલીમ માળી કામ સુધી સીમિત ન રહેતા ઘરમાં જ નાનું-મોટી બાગાયત પેદાશો પકવવા માંગતો દરેક નાગરિક આ તાલીમ મેળવી શકશે. આ કૌશલ્યવર્ધન તાલીમથી શહેરી આર્થિક જીવન ધોરણ ઉંચુ આવશે, તેમજ સ્થાનિક કક્ષાએ જ રોજગારીની નવીન તકો ઉભી કરી આવક્નો નવો સ્ત્રોત ઉભો કરવા માટે મદદરૂપ થશે. કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે આ મહત્વપૂર્ણ નિર્ણય કરવા બદલ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ નાણા મંત્રી કનુભાઈ દેસાઈનો ખેડૂતો અને રાજ્યના રોજગારવાંછું યુવાનો વતી આભાર માન્યો હતો.


# બાગેશ્વર ધામમાં ગેરકાયદેસર હથિયાર સાથે શખ્સ ઝડપાયો

છાપરા,તા.૨૧

છેલ્લા કેટલાક સમયથી પોતાના નિવેદનોને લઈને ચર્ચામાં રહેલા પંડિત ધીરેન્દ્ર શાસ્ત્રીનો જીવ જોખમમાં હોય તેમ એક વ્યક્તિ દેશી કટ્ટા અને કારતુસ સાથે ઝડપાયો છે. પકડાયેલ ઈસમ પાસે હથિયાર ક્યાથી આવ્યા, કેમ તે હથિયાર સાથે બાગેશ્વર ધામમાં આવ્યો હતો. પંડિત ધીરેન્દ્ર શાસ્ત્રીના બાગેશ્વર ધામમાં આજે મંગળવારે એક વ્યક્તિ ગેરકાયદેસર હથિયાર સાથે ઝડપાઈ જતાં ગભરાટ ફેલાઈ ગયો હતો. આરોપી પાસેથી એક કટ્ટો અને જીવતા કારતુસ મળી આવ્યા છે. આ સમાચાર મળતા જ પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. ગેરકાયદેસર હથિયાર સાથે પકડાયેલ વ્યકિતની પોલીસે સઘન પુછપરછ હાથ ધરી છે. તે કોઈ ગુનાને અંજામ આપવા આવ્યો હોવાની આશંકા છે. જોકે પોલીસ આરોપીની પૂછપરછમાં વ્યસ્ત છે. યુવકનું નામ રજ્જન ખાન જણાવવામાં આવી રહ્યું છે, જે શિવપુરી જિલ્લાનો રહેવાસી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ, બાગેશ્વર ધામના પરિક્રમા માર્ગ પાસે એક યુવક શંકાસ્પદ જણાયો હતો. શંકાસ્પદ વ્યક્તિની માહિતી પોલીસને આપવામાં આવી હતી. જ્યારે પોલીસે યુવકને પકડીને તેની ચકાસણી કરી તો તે ચોંકી ગયો હતો.

### આંતરરાષ્ટ્રીય યોગ દિવસે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીનો સંદેશ

# યોગ એટલે મન, બુદ્ધિ, ચિત્ત અને આત્માની શાંતિનું અનુપમ સમાધાન : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી



## સંતુલિત ખાન-પાન અને નિયમિત દિનચર્યા જ ઉત્તમ સ્વાસ્થ્યનો આધાર છે

(જી.એન.એસ),તા.૨૧

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, ભૌતિકવાદના આ વિશ્વમાં સમસ્ત માનવજાત તનાવમાં છે ત્યારે એકમાત્ર યોગ જ મન, બુદ્ધિ, ચિત્ત અને આત્માની શાંતિનું અનુપમ સમાધાન છે. યુવા પેઢી નિયમિત રૂપે ભારતીય યોગ વિદ્યાનું અનુસરણ કરે તો જીવનમાં અવશ્ય લાભ થાય તેમ છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અચૂક નિયમિત રીતે યોગ અને પ્રાણાયામ કરે છે. તેઓ સંયમિત આહાર અને નિયમિત જીવનશૈલીના આગ્રહી છે. સંસ્કાર, સ્વાસ્થ્ય અને શિક્ષણના સદાય ચુસ્ત હિમાયતી શ્રી આચાર્ય દેવવ્રતજી દરેક વ્યક્તિ યોગને પોતાની દિનચર્યાનો ભાગ બનાવે એવો અનુરોધ કરતાં કહે છે કે, ધર્મ, અર્થ અને કામ કરતાં કરતાં મોક્ષ પ્રાપ્તિ માટે ઈચ્છુક વ્યક્તિ માટે ઉત્તમ સ્વાસ્થ્ય એ મુખ્ય આધારસ્તંભ છે. સંતુલિત ખાન-પાન અને નિયમિત દિનચર્યા જ ઉત્તમ સ્વાસ્થ્યનો આધાર છે. જો આપણે આવી જીવનશૈલી અપનાવીશું તો નિશ્ચિત રૂપે, સુખપૂર્વક, નિરોગી અને લાંબુ જીવન જીવી શકીશું. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, આપણા યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વકલ્યાણ અને માનવતાની ભલાઈ માટે યોગને વિશ્વ વ્યાપક બનાવી દીધા. તેમના જ પ્રયાસોથી આજે ૨૧મી જૂન વિશ્વ યોગ દિવસ તરીકે પ્રતિષ્ઠિત છે. આ માટે આપણે નરેન્દ્ર મોદીના આભારી છીએ. ચિત્તની પ્રવૃત્તિઓના નિરોધનું નામ જ યોગ, એમ કહીને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ યોગને જીવનનો એક ભાગ બનાવવા સમસ્ત માનવ જાતને આગ્રહ કર્યો હતો.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

ગરીબ રોટીને શોધે છે અને અમીર ભૂખને...!

- ડેનિશ કહેવત

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.બહમન-૧૩૯૨, મુ. જીલ્હજ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, અષાઢ સુદ-૩, તા.૨૧ જૂન ૨૦૨૩, બુધવાર, પારસી તા.૧૦, મુસ્લિમ તા.૨, પુષ્ય નક્ષત્ર, વ્યાઘાત યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૦૬, સૂ.અ.૭:૩૮

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ગૃહસ્થિ જીવનમાં આનંદ રહે, વણસેલા સંબંધો સુધરે.
વૃષભ: કોર્ટ-કચેરીના કાર્યોમાં લાભ થાય. રોકાયેલા નાણા છૂટા થાય.
મિથુન: વ્યર્થ ચિંતા દૂર થાય, આનંદપૂર્ણ દિવસ વિતે.
કર્ક: મહત્વના કાર્યોમાં સફળતા મેળવી શકો, તકનો લાભ ઉઠાવજો.
સિંહ: લાંબા સમયથી અટકી પડેલા કાર્યો પૂર્ણ થાય, મનની મુંઝવણ દૂર થાય.
કન્યા: વ્યર્થ ક્રોધથી દૂર રહેવું, આંધળો વિશ્વાસ મૂકીને કામ કરવાની વૃતિ ટાળવી.
તુલા: યશ-માનના ભાગીદાર બનશો. આર્થિક લાભ મળે.
વૃશ્ચિક: સ્વભાવમાં ઉગ્રતા રહે, ધારી સફળતામાં વિલંબ રહે.
ધન: મનની મુંઝવણ મનમાં રહે, વ્યર્થ ક્રોધ રહે.
મકર: અચાનક પ્રવાસ થાય, મહામહેનતે કાર્યમાં સફળતા મળે.
કુંભ: કાર્યબોઝ વિશેષ રહે, શેર-સટ્ટા-લોટરીમાં લાભ મળે.
મીન: આર્થિક લાભ રહે, મનની મુરાદ બર આવે.

### ચીન દ્વારા એન્ટી ડમ્પિંગ ડ્યુટી લાદવાના કારણે ગુજરાતના ડાયસ્ટફ ઉદ્યોગ પર અસર

# અંકલેશ્વરમાં ૨૦૦ થી વધુ ઉદ્યોગો ઠપ્પ થવાનો ભય



(જી.એન.એસ)અંકલેશ્વર,તા.૨૧

રશિયા-યુક્રેન સંકટ બાદ યુરોપમાં માંગમાં ઘટાડા અને ચીન દ્વારા એન્ટી ડમ્પિંગ ડ્યુટી લાદવાના કારણે ગુજરાતના ડાયસ્ટફ ઉદ્યોગ ઉપર તેની ગંભીર અસર પડી રહી છે. આ કેમિકલની માંગના અભાવે માત્ર અંકલેશ્વર ક્લસ્ટરના ૨૦૦ થી વધુ ઉદ્યોગો માંદા પડ્યા છે અથવા તેમની સામે કંપની બંધ કરવાના કઠણ નિર્ણય લેવાની ફરજ પડે તેવા સંજોગો સર્જાયા છે. એક સમયે વૈશ્વિક બજારમાં ડંકો જમાવનાર ભારતીય ડાયસ્ટફ અને પીગ્મેન્ટ ઉદ્યોગો ઓર્ડર વગર ઠપ્પ થવાના આરે પહોંચ્યા છે. અંકલેશ્વરમાં આ કપરી પરિસ્થિતિની અસર ડાઈઝ, ડાઈઝ ઈન્ટરમિડિયેટ્સ અને તેના રો મટિરિયલના ઉદ્યોગો ઉપર પડી છે.

માંગમાં તીવ્ર ઘટાડો અને ઉચ્ચ ઉત્પાદન ખર્ચને કારણે ગુજરાતમાં ડાઈસ્ટફ ઉત્પાદન એકમોને ઉત્પાદનમાં ઘટાડો કરવાની ફરજ પડી છે. કાપડ અને વસ્ત્રોના સુસ્ત સ્થાનિક વપરાશ અને નિકાસમાં ઘટાડાને કારણે માંગની તંગી ઉભી થઈ છે. ડાઈસ્ટફનો ઉપયોગ રંગ, કાપડ, કાગળ, ચામડા અને પ્લાસ્ટિક ઉત્પાદનો સહિત વિવિધ ઉત્પાદનોને રંગ આપવા માટે થાય છે. અંકલેશ્વરના ઉદ્યોગકાર પ્રવીણ તેરૈયાએ જણાવ્યું હતું કે ડાઈસ્ટફ એકમો હાલમાં કુલ ક્ષમતાના ૫૦% સ્થિતિ પર કાર્યરત છે. ઉદ્યોગોને સંકટ અને નોકરીઓમાં ઘટાડા તરીકે અસર સામે આવે છે. અંકલેશ્વર ક્લસ્ટરનું મોટાભાગનું ઉત્પાદન નિકાસ થતું હોય છે. આ કેમિકલ યુરોપ અને ચીનમાં નિકાસ થતું હતું. બંને રીજીયનમાં ભારતીય રસાયણની માંગ નહિવત સમાન છે.

UP ના બલિયામાં લૂથી નવ દિવસમાં મોટી સંખ્યામાં લોકોનાં મોત થવાનો મામલો

# બલિયામાં મોટા પ્રમાણમાં લોકોનાં મૃત્યુના કારણ અંગે શંકા

**UPના બલિયામાં તહેનાત એક ચીફ મેડિકલ ઓફિસર રેન્કના ડોક્ટરને તેમના પદેથી હટાવી દેવામાં આવ્યા**

બલિયા, તા.૨૧ ઉત્તરપ્રદેશના બલિયામાં ભીષણ ગરમી અને લૂના કેર વચ્ચે છેલ્લા ૯ દિવસોમાં ૧૦૩ લોકો મૃત્યુ પામી ચૂક્યા છે. આ સાથે ૪૦૦થી વધુ લોકો હોસ્પિટલમાં દાખલ હોવાની પણ માહિતી મળી છે. જોકે અધિકારીઓએ આ મૃત્યુ થવા પાછળ અલગ અલગ કારણો જણાવ્યા હતા. જેના લીધે સવાલો ઊભા થવા લાગ્યા છે. એક વરિષ્ઠ સરકારી ડોક્ટર એ.કે.સિંહે કહ્યું કે પ્રથમ નજરે આ લોકોના મૃત્યુ હીટવેવ કે હીટસ્ટ્રોકને લીધે થયા તેવું નથી લાગતું કેમ કે સમાન પરિસ્થિતિનો સામનો કરનારા આજુબાજુના જિલ્લાઓમાં સમાન મૃત્યુના આંકડા જોવા મળી રહ્યા નથી. શરૂઆતના લક્ષણ મોટાભાગે છાતીમાં દુઃખાવાના હતા જે હીટવેવથી પ્રભાવિત કોઈપણ દર્દી માટે પ્રથમ લક્ષણ નથી. તેમણે કહ્યું કે આ મૃત્યુ પાણીને કારણે પણ થયા હોઈ શકે છે. એ વાતની તપાસ કરાશે કે મૃત્યુનું કારણ પાણી છે કે કોઈ અન્ય ક્લાઈમેટ વિભાગ પણ પાણીના નમૂનાની તપાસ કરવા આવશે. અગાઉ બલિયામાં તહેનાત એક ચીફ મેડિકલ ઓફિસર રેન્કના ડોક્ટરને તેમના પદેથી હટાવી દેવાયા હતા. તેમણે ઓનરેકોર્ડ કહ્યું હતું કે અનેક મૃત્યુ હીટસ્ટ્રોકના લીધે થયા છે જે વાયરલ થયું હતું યુપીના સ્વાસ્થ્યમંત્રી બૃજેશ પાઠકે કહ્યું કે યોગ્ય માહિતી વિના લૂથી થયેલા મૃત્યુ અંગે નિવેદન આપવા બદલ આ અધિકારીને હટાવાયા હતા. જોકે આ મૃત્યુ મામલે વિપક્ષે આક્રમક વલણ અપનાવ્યું છે. સપા પ્રમુખ અખિલેશ યાદવે આ મૃત્યુ માટે રાજ્ય સરકારને જવાબદાર ઠેરવી છે. રાજ્ય સરકારની બેદરકારીને લીધે સમગ્ર યુપીમાં આટલા લોકોએ જીવ ગુમાવ્યા છે. તેમણે લોકોને હીટવેવ વિશે ચેતવણી આપવાની જરૂર નથી. છેલ્લા ૬ વર્ષોમાં યુપીમાં એક પણ જિલ્લા હોસ્પિટલ ઊભી નથી કરાઈ.

મહારાષ્ટ્રના નાગપુરની કમકમાટીભરી ઘટના

# નાગપુરમાં SUV કારમાં બંધ ૩ બાળકોના મોત

**બાળકો નજીકના મેદાનમાં રમવા ગયા બાદ પરત ન ફરતા પરિવારે પોલીસનો સંપર્ક સાધી અપહરણનો કેસ નોંધાવ્યો હતો**

નાગપુર તા.૨૧ મહારાષ્ટ્રના નાગપુરમાં ગઈકાલે સાંજે ૧/૨૨થી ૫૦ મીટર દૂર એસયુવીમાં એક ભાઈ અને બહેન સહિત ત્રણ બાળકો મૃત હાલતમાત્ મળી આવ્યા હતા. આ બાબતે એક પોલીસ અધિકારીએ માહિતી આપી હતી. ફારૂક નગરના રહેવાસી તૌફિક ફિરોઝ ખાન આલિયા ફિરોઝ ખાન અને આફરીન ઈર્શાદ ખાન શનિવારે બપોરે ૩ વાગ્યાની આસપાસ ગુમ થયા હતા જેની જાણ પચપોલી પોલીસ સ્ટેશન અધિકારીએ જણાવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું મુજબ બાળકોનાતા માતા-પિતાનો લાગ્યું કે, તેઓ નજીકના મેદાનમાં રમવા ગયા છે. જ્યારે બાળકો શનિવારની રાત સુધી પરત ન આવ્યા, ત્યારે માતા-પિતાએ પોલીસનો સંપર્ક કર્યો અને અપહરણનો કેસ નોંધાવ્યો હતો. ત્યારબાદ રવિવારે સાંજે ૭ વાગ્યાની આસપાસ એક કોન્સ્ટેબલે તેના ઘરથી થોડે દૂર એક એસયુવી પાર્ક કરેલી જોઈ. જેની અંદર ત્રણ બાળકો પડેલા મળી આવ્યા હતા. પોલીસે કારનો દરવાજો ખોલ્યો તો તમામ બાળકો મૃત હાલતમાં હતા. અધિકારીએ કહ્યું કે, તૌફિક અને આલિયા ભાઈ-બહેન હતા, જ્યારે આફરન નજીકમાં રહેતી હતી. નાગપુર પોલીસ કમિશ્નર અમિતેશ કુમારે કહ્યું કે પોસ્ટમોર્ટમ રિપોર્ટમા બાળકોના મોત પાછળનું કારણ જાણવા મળશે. હાલ આ વિસ્તારમાં મોટી સંખ્યામાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. પોલીસ કમિશ્નર અમિતેશ કુમારના જણાવ્યા અૂનુસાર, રમતા-રમતા બાળકોએ કારને દરવાજો અંદરથી બંધ કરી દીધો હતો. પછી તેઓ કારનો દરવાજો ખોલી શક્યા નહી હોય. તેઓ ગરમી અનો ગૂંગળામણના કારણે મૃત્યુ પામ્યા.

# IPS રવિ સિન્હા RAWના નવા ચીફ

**૩૦ જૂને RAW ચીફ તરીકેનો કાર્યભાર સંભાળશે, રવિ સિન્હાનો કાર્યકાળ બે વર્ષ સુધીનો રહેશે : ૧૯૮૮ બેચના IPS અધિકારી**




નવી દિલ્હી, તા.૨૧ રવિ સિંહા ૩૦ જૂને વર્તમાન RAW ચીફ તરીકેનો કાર્યભાર સંભાળશે અને તેમનો કાર્યકાળ ૨ વર્ષનો રહેશે. ૧૯૮૮ બેચના IPS અધિકારી રવિ સિંહા સંશોધન અને વિશ્લેષણ વિંગના નવા ચીફ બનશે. IPS રવિ સિન્હા RAWના નવા વડા બનશે. રવિ સિન્હાને રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ (RAW)ના નવા ચીફ બનાવવામાં આવ્યા છે. તેઓ છત્તીસગઢ કેડરના ૧૯૮૮ બેચના IPS અધિકારી છે. કેબિનેટની નિમણૂંક સમિતિએ સિંહાની નિમણૂંકને મંજૂરી આપી દીધી છે. રવિ સિન્હા વર્તમાન RAW ચીફનો કાર્યકાળ ૩૦ જૂને પૂર્ણ થયા બાદ પદ સંભાળશે અને તેમનો કાર્યકાળ ૨ વર્ષનો રહેશે. કેન્દ્ર સરકારે છત્તીસગઢ કેડરના IPS અધિકારી રવિ સિંહાને દેશની ગુપ્તચર સંસ્થા રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ (RAW)ના નવા ચીફ તરીકે નિયુક્ત કર્યા છે. રવિ સિંહા, છત્તીસગઢ કેડરના ૧૯૮૮ બેચના IPS, વર્તમાન ચીફ સામંત ગોયલ, IPS (પંજાબ ૮૪)નું સ્થાન લેશે, જેઓ ૩૦ જૂને નિવૃત્ત થઈ રહ્યા છે. રવિ સિંહા બે વર્ષ સુધી આ પદ સંભાળશે. અત્યાર સુધી તેઓ કેન્દ્રીય પ્રતિનિયુક્તિ ઉપર કેબિનેટ સચિવાલયમાં વિશેષ સચિવના હોદ્દા ઉપર તૈનાત છે. તમને જણાવી દઈએ કે રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ (RAW)ની સ્થાપના ૨૧ સપ્ટેમ્બર ૧૯૬૮ના રોજ કરવામાં આવી હતી. તેના મુખ્ય કાર્યો વિદેશી ગુપ્તચર માહિતી ભેગી કરવી, આતંકવાદ વિરોધી, પ્રસાર વિરોધી, ભારતીય નીતિ નિર્માતાઓને સલાહ આપવી અને ભારતના વિદેશી વ્યૂહાત્મક હિતોને આગળ વધારવી છે. રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગની સ્થાપના પહેલા, વિદેશી ગુપ્ત માહિતી સંગ્રહની જવાબદારી મુખ્યત્વે ઈન્ટેલિજન્સ બ્યુરો (IB)ની હતી, જે બ્રિટિશ રાજ દરમ્યાન ભારત સરકાર દ્વારા બનાવવામાં આવી હતી.

# બિહારમાં ગરમીનો પ્રકોપ : પિતાના અંતિમ સંસ્કારમાં સ્મશાનમાં બે ભાઈઓને હિટસ્ટ્રોક, એકનું મોત

પટના, તા.૨૧ બિહારના અલગ-અલગ જિલ્લામાં હીટ સ્ટ્રોકના કારણે મોત થઈ રહ્યા છે. ત્યારે રવિવારે પિતાના અંતિમ સંસ્કાર માટે ભોજપુર જિલ્લામાંથી બક્સર સ્મશાન પહોંચેલા બે ભાઈઓ પણ હીટ સ્ટ્રોકનો ભોગ બન્યા હતા. ઉતાવળમાં બંનેને સદર હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. આ ઘટનામાં પટના રિફર કર્યા બાદ રસ્તામાં જ એક પુત્રનું મોત થયું હતું. અને બીજા પુત્રને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. મળતી માહિતી પ્રમાણે ભોજપુર જિલ્લાના દિઘા ગામના રહેવાસી રાજનાથ સિંહનું મોત હીટસ્ટ્રોકના કારણે થયું હતું. અંતિમ સંસ્કાર કરવા માટે પરિવારના લોકો બક્સર સ્મશાનભૂમિ પહોંચ્યા હતા. રાજનાથ સિંહને પણ બે પુત્રો હતા. અહીં અંતિમ સંસ્કાર દરમ્યાન બંનેને હીટ સ્ટ્રોકનો ભોગ બન્યા હતા. આ સમગ્ર મામલે ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ડો.રાજીવ ઝાએ જણાવ્યું કે, છેલ્લા બે-ત્રણ દિવસથી લોકો સતત ગરમીના કારણે સ્ટ્રોકનો ભોગ બની રહ્યાં છે. રવિવારે એક જ પરિવારના બે દર્દીઓ આવ્યા હતા. તેઓ અગ્નિસંસ્કારમાં હાજરી આપવા ગયા હતા જેમાં બંને ત્યાં પડી ગયા હતા. અમે અહીં આવ્યા તે પહેલાં એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું. જ્યારે બીજાની હાલત ચિંતાજનક હતી. એક દર્દી હોસ્પિટલ આવ્યો ત્યારે તેને તાવ ૧૦૮ ડિગ્રી હતો. હવે તેની તબિયત સારી છે. સ્મશાનભૂમિ ઉપર હાજર હૃષિકેશ રાયે જણાવ્યું કે, જ્યારે તેઓ આવ્યા ત્યારે ૧૦-૧૫ લોકોને અગ્નિ સંસ્કાર આપવામાં આવી રહ્યો હતો. બે કલાક પછી આંકડો ૫૦ ઉપર પહોંચ્યો હતો. સ્મશાનભૂમિ ઉપર હાજર નગર પરિષદ વતી રસીદ કાપી રહેલા ઉપેન્દ્ર પાંડેએ જણાવ્યું કે, ત્રણ-ચાર દિવસ પહેલા મૃતદેહોની સંખ્યા ૩૦ થી ૩૫ હતી. હવે મૃતદેહોની સંખ્યા ૭૦ થી ૮૦ અને ૯૦ સુધી પહોંચી રહી છે. જો કે, આટલા મૃત્યુ અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા કરાઈ નથી

મધ્યપ્રદેશમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી

# પ્રેમી પંખીડાની ગોળી મારી હત્યા બાદ મૃતદેહ નદીમાં ફેંકી દીધો

ભોપાલ, તા.૨૧ મધ્યપ્રદેશમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જ્યાં એક ૧૮ વર્ષની યુવતી અને તેના ૨૧ વર્ષીય પ્રેમીની શંકાસ્પદ કેસમાં ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. આ ઘટનામાં કપલના મૃતદેહને ભારે પથ્થરો સાથે બાંધીને મગરથી ભરેલી નદીમાં ફેંકી દેવામાં આવ્યા હતા. આ ઘટના રતનબસાઈ ગામની છે, જ્યાં શિવાની તોમરને મોરેના જિલ્લાના બાલુપુરા ગામના રાધેશ્યામ તોમર સાથે પ્રેમ હતો. યુવતીના પરિવારને તેમના સંબંધો સામે વાંધો હતો. યુવકના પિતાએ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવ્યા બાદ કેસ નોંધવામાં આવ્યો હતો. તેમની ફરિયાદમાં, વ્યક્તિના પિતાએ આરોપ મૂક્યો હતો કે તેમને શંકા છે કે તેમના પુત્ર અને યુવતીની હત્યા કરવામાં આવી છે કારણ કે તેઓ ઘણા દિવસોથી ગુમ હતા. આ કેસમાં પોલીસને શરૂઆતમાં શંકા હતી કે બંને ગામ છોડીને ભાગી ગયા છે પરંતૂ પોલીસના જણાવ્યા અનુસાર ગામમાં કોઈએ બંનેને ગામની બહાર જતા જોયા ન હતા. આ બાદમાં પોલીસે યુવતીના પિતા અને પરિવારના લોકોને બોલાવીને પૂછપરછ કરી હતી, જેના આધારે તેઓએ ગુનો કબૂલી લીધો હતો. મહિલાના સંબંધીઓએ પોલીસને જણાવ્યું કે, ૩ જૂને શિવાની અને રાધેશ્યામની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી અને તેમના મૃતદેહને ભારે પથ્થરોથી બાંધીને ચંબલ નદીમાં ફેંકી દેવામાં આવ્યા હતા.

# મળો IIT છોડી દેનાર નાદિર બુર્જોરજી ગોદરેજને જેમની કુલ સંપત્તિ રૂા.૨૩,૭૫૪ કરોડ છે; તેમના વેપાર સામ્રાજ્ય, શૈક્ષણિક લાયકાત વિશે જાણો

નવી દિલ્હી, તા.૨૧ અગ્રણી ઉદ્યોગપતિ નાદિર બુર્જોરજી ગોદરેજ ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝના મેનેજિંગ ડિરેક્ટર અને ચેરમેન છે. નાદિર ગોદરેજ કેમિકલ એન્જિનિયર છે અને તે ગોદરેજ એગ્રોવેટના અધ્યક્ષ પણ છે જે ગોદરેજના કૃષિ-વ્યાપાર એકમ છે. ફાઈનાન્સિયલ એક્સપ્રેસ અનુસાર નાદિર ગોદરેજ અબજોપતિ આદિ ગોદરેજના નાના ભાઈ છે અને તેઓ ગોદરેજ ગ્રૂપની સંપત્તિમાં ૨૦ ટકા હિસ્સાના માલિક છે. નાદિર ગોદરેજના પિતા બુર્જોરજી અને જયબેન ગોદરેજના પુત્ર છે. નોંધનીય છે કે, બુર્જોરજી અરદેશર ગોદરેજના ભત્રીજા હતા જેમણે ગોદરેજ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝની શરૂઆત કરી હતી. ગોદરેજ પરિવાર ૨૦૦ વર્ષ પહેલાં મુંબઈમાં સ્થાયી થયો હતો અને તેઓ પારસી સમુદાયના છે. નાદિર ગોદરેજના લગ્ન ડૉ. રતિ ગોદરેજ સાથે થયા છે અને તેમને ત્રણ પુત્રો છે ગોદરેજ પરિવાર ૫.૨ બિલિયન ડોલર (આવક) ગોદરેજ ગ્રૂપ ઉપર નિયંત્રણ ધરાવે છે, જે ૧૨૬ વર્ષ પહેલાં શરૂ કરવામાં આવ્યું હતું. નાદિર ગોદરેજ કેટલીક બિન-જૂથ કંપનીઓના બોર્ડમાં સ્વતંત્ર ડિરેક્ટર તરીકે પણ કામ કરે છે. તેઓ એક સમયે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને ઈન્ડિયન હોટેલ્સમાં નોન-એક્ઝિક્યુટિવ ડિરેક્ટર હતા, જે ટાટા ગ્રુપનો એક ભાગ છે. નાદિર ગોદરેજે છોડવાનો નિર્ણય કર્યો એ પહેલાં એક વર્ષ સુધી IIT બોમ્બેમાં અભ્યાસ કર્યો અને તેણે કેમિકલ એન્જિનિયરિંગમાં સ્નાતકની ડિગ્રી મેળવવા માટે MITમાં જોડાવા નિર્ણય કર્યો.નાદિર ગોદરેજ સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાંથી વિજ્ઞાનમાં માસ્ટર્સ પૂર્ણ કર્યું. નાદિર ગોદરેજ હાર્વર્ડ બિઝનેસ સ્કૂલમાંથી બિઝનેસ એડમિનિસ્ટ્રેશનમાં માસ્ટર કર્યું છે. ફોર્બ્સ અનુસાર નાદિર ગોદરેજની અંદાજિત કુલ સંપત્તિ $2.9 બિલિયન છે.

# માનવરહિત વિમાન તપસનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું

નવી દિલ્હી, તા.૨૧ ડીઆરડીઓ અને નેવીએ મળીને માનવરહિત વિમાન તપસનું સફળ પરીક્ષણ કર્યું છે. નેવીના કારવાડ નેવલ બેઝથી ૧૪૮ કિ.મી. દૂર આઈએનએસ સુભદ્રા ઉપર એક દૂરસ્થ ગ્રાઉન્ડ સ્ટેશનથી તપસ યુએવીની કમાન્ડ એન્ડ કંટ્રોલની ક્ષમતાઓને ટ્રાન્સફર કરવા માટેનું સફળ પરીક્ષણ કરાયું હતું. કારવાડ નેવલ બેઝથી ૨૮૫ કિમી દૂર ચિત્રદુર્ગમાં એરોનોટિકલ ટેસ્ટ રેન્જથી તપસે સવારે ૭.૩૫ કલાકે ઉડાન ભરી હતી. તેણે ૨૦,૦૦૦ ફૂટની ઉંચાઈ પર લગભગ સાડા ત્રણ કલાક સુધી ઊડાન ભરી હતી. આ યુએવીને નિયંત્રિત કરવા માટે આઈએનએસ સુભદ્રા ઉપર એક ગ્રાઉન્ડ કંટ્રોલ સ્ટેશન અને બે શિપ ડેટા ટર્મિનલ સ્થાપિત કરવામાં આવ્યા હતા. સફળ પરીક્ષણ પછી તપસ એટીઆરમાં પાછો ફર્યો. આ યુએવી સ્વદેશી ટેક્નોલોજીથી બનેલું છે. તેનો ઉપયોગ માત્ર સરહદ ઉપર દેખરેખ માટે જ નહીં પરંતુ હુમલા માટે પણ થઈ શકે છે. તે ૩૦,૦૦૦ ફૂટની ઉંચાઈ ઉપર ૨૪ કલાક સુધી ઉડી શકે છે અને ૩૫૦ કિલો સુધીનું પેલોડ લઈ જઈ શકે છે. આ યુએવીની સરખામણી ઈઝરાયલના હેરોન યુએવી સાથે કરવામાં આવી રહી છે.

# વિદ્યાર્થીઓની માહિતી અપડેટ કરવાની કાર્યવાહી સ્થગિત રાખવા કરાઈ માંગણી

અમદાવાદ, તા.૨૧ રાજ્યમાં હાલમાં ધોરણ-૧થી ૧૨ના વિદ્યાર્થીઓની માહિતી અપડેટ કરવાની કાર્યવાહી ચાલી રહી છે. યુનિફાઈડ ડિસ્ટ્રીક્ટ ઈન્ફર્મેશન સિસ્ટમ ફોર એજ્યુકેશન (UDISE)ના ઓનલાઈન મોડ્યુઅલમાં માહિતી અપડેટ કરવાની કાર્યવાહીમાં અપુરતા સ્ટાફના લીધે વિલંબ થતો હોવાથી હાલ પુરતી આ કામગીરી સ્થગિત રાખવા માટે શિક્ષણ બોર્ડના સભ્ય અને સંચાલક મંડળના મહામંત્રી ડો. પ્રિયવદન કોરાટે રજૂઆત કરી છે. શાળાઓમાં સ્ટાફ ન મળે ત્યાં સુધી આ કાર્યવાહી સ્થગિત રાખવા માટે ભલામણ કરાઈ છે. તાજેતરમાં UDISEના ઓનલાઈન મોડ્યુઅલમાં વિદ્યાર્થીઓની માહિતી અપડેટ કરવા માટેની કાર્યવાહી ચાલી રહી છે. આ માટે રાજ્યની તમામ સ્કૂલોને તેમના વિદ્યાર્થીઓની માહિતી અપડેટ કરવા માટે સુચના અપાઈ છે. UDISEમાં એક વિદ્યાર્થીની માહિતી અપડેટ કરવામાં ૪૦થી ૪૫ મિનીટ જેટલો સમય જતો હોવાનો દાવો સંચાલક મંડળ દ્વારા કરવામાં આવ્યો છે. જેથી તમામ વિદ્યાર્થીઓની માહિતી અપડેટ કરવામાં ખુબ જ લાંબો સમય જાય તેમ છે. બીજી બાજુ રાજ્યની અમુક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં એક પણ કલાર્ક નથી. આમ, શાળાઓમાં અપુરતા સ્ટાફના કારણે UDISEમાં ઓનલાઈન માહિતી અપડેટ કરવી શક્ય ન હોવાનું સંચાલક મંડળના મહામંત્રી અને બોર્ડના સભ્ય ડો. પ્રિયવદન કોરાટે જણાવ્યું હતું. શાળાઓમાં પુરતો સ્ટાફ ન મળે ત્યાં સુધી UDIESની કામગીરી સ્થગિત રાખવા માટે બોર્ડના સભ્યએ શિક્ષણ વિભાગના સચિવને પત્ર લખી ભલામણ કરી છે. રાજ્યની તમામ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધોરણ-૧થી ૧૨ની શાળાઓના વિદ્યાર્થીઓની માહિતી અપડેટ કરવાની કાર્યવાહી ચાલી રહી છે. આ વખતે હાલના ડેટા કેપ્ચર ફોર્મેટને પ્રોફાઈલ એન્ડ ફેસેલિટી, ટિચર અને સ્ટુડન્ટ એમ ત્રણ વિભાગ વહેંચેલા છે. જેમાં ચાલુ વર્ષે સ્ટુડન્ટ વાઈઝ ડેટાનો નવો વિભાગ ઉમેરવામાં આવ્યો છે. જેમાં સ્કૂલોએ પુર્વ પ્રાથમિકથી લઈને ધોરણ-૧૨ સુધીના તમામ વિદ્યાર્થીઓના નામ સહિતની વિગતો મેળવવાની રહેશે.

ભારતીય હવામાન વિભાગ દ્વારા વરસાદની આગાહી કરવામાં આવી

# ટૂંક સમયમાં જ ભારે વરસાદ સાથે ચોમાસાની થશે પધરામણી

**૨૧ જૂન સુધીમાં પૂર્વ અને ઉત્તર ભારતના કેટલાક ભાગોમાં ચોમાસુ આગળ વધી શકે છે, જેના કારણે વરસાદની શક્યતા**

નવી દિલ્હી, તા.૨૧ બિપરજોય વાવાઝોડાનું સંકટ હવે ગુજરાત ઉપર નથી, પરંતુ બિપરજોય વાવાઝોડાને કારણે સમગ્રરાજ્યમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો અને ભારે પવન ફૂંકાયો હતો. ત્યારે હવે IMD દ્વારા વરસાદની આગાહી કરવામાં આવી છે. જે મુજબ પૂર્વ અને ઉત્તરના ભાગોમાં વરસાદની શક્યતા છે અને જૂનના અંતમાં જૂલાઈમાં નિયમિત વરસાદની આગાહી કરવામાં આવી છે. અત્યાર સુધી એવી આગાહી કરવામાં આવતી હતી કે, આ વર્ષનું ચોમાસુ સુસ્ત રહેશે. જો કે, હવેની આગાહી મુજબ, ભારતમાં ચોમાસાની ધમાકેદાર એન્ટ્રી થઈ થશે. આકરાની ગરમીનો સામનો કરી રહેલા પૂર્વ અને ઉત્તર ભારતના ભાગોમાં વરસાદ પડવાની સંભાવના છે. હવામાન શાસ્ત્રીઓના અનુસાર, જૂનના અંત અને જુલાઈની શરૂઆતમાં વરસાદની શરૂઆત થઈ શકે છે અને દેશના વિવિધ ભાગોમાં વરસાદ નિયમિત રીતે પડી શકે છે. પશ્ચિમ, મધ્ય અને પૂર્વના ભાગોમાં સામાન્ય કરતા વધુ વરસાદની શક્યતા છે. IMDના મહાનિર્દેશક મૃત્યુંજય મહાપાત્રાના જણાવ્યા અનુસાર, ૨૧ જૂન સુધીમાં પૂર્વ અને ઉત્તર ભારતના કેટલાક ભાગોમાં ચોમાસુ આગળ વધી શકે છે, જેના કારણે વરસાદની શક્યતા દેખાઈ રહી છે. બિપરજોય વાવાઝોડાને કારણે રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશના કેટલાક વિસ્તારમાં વરસાદ જોવા મળ્યો હતો. બંગાળની ખાડી ઉપરની હવામાન સિસ્ટમના અભાવને કારણે તેમજ દક્ષિણ પશ્ચિમ ચોમાસા ઉપર ગંભીર વાવાઝોડાની અસરના કારમે ૧૧ મે સુધી ચોમાસુ શાંત રહ્યું હતુ. જો કે, બિપરજોયને કારણે ઉત્તર પૂર્વ તરફ અને મધ્ય પૂર્વમાં વરસાદની આગાહી કરવામાં આવી હતી. બિપરજોય વાવાઝોડાને કારણે રાજસ્થાનમાં ભારે વરસાદ નોંધાયો હતો. ત્યારે હવે રાજસ્થાન,ઉતરપ્રદેશ અને મધ્યપ્રદેશમાં ભારે વરસાદ થઈ શકે છે. આ વર્ષે ૮મી જૂને ચોમાસાની એન્ટ્રી થવાની હતી, જે સામાન્ય કરતા એક અઠવાડિયુ મોડુ આવવાનું હતું. કેટલાક હવામાન શાસ્ત્રીઓના મતે વાવાઝોડાને કારણે ચોમાસુ મોડુ આવ્યુ છે અને હળવા ચોમાસાનું આગમન થયુ છે. અત્યાર સુધી દેશમાં પૂર્વોત્તર, તમિલનાડુ, કેરળ, આંધપ્રદેશના કેટલાક ભાગોમાં વરસાદ થયો છે.

# રાજ્યમાં નવા નિયમ મુજબ વિદ્યાર્થીઓની પ્રવેશ સંખ્યામાં ગત વર્ષ કરતા ખાસ્સો ઘટાડો

અમદાવાદ, તા. ૨૧ ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા પહેલા ધોરણમાં પ્રવેશ મેળવવા માટેની ઉંમર ફરજિયાત છ વર્ષ કરી દેવામાં આવી છે અને તેની અસર આ વર્ષના એડમિશન ઉપર જોવા મળી છે. ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે પહેલા ધોરણમાં એડમિશન લેનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં જબરદસ્ત ઘટાડો થયો છે. દર વર્ષે ૧૦-૧૧ પ્રવેશની લાખની સામાન્ય સંખ્યાની સામે આ વર્ષે માત્ર ૩ લાખ વિદ્યાર્થીઓને જ પહેલા ધોરણમાં પ્રવેશ આપવામાં આવ્યો છે. આ અંગે નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, આ આગળ વધશે અને ૨૦૩૩માં ધો.૧૦ના વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ તે જ પ્રમાણમાં ઘટાડો થશે. તેની અસર ધો.૧૨ અને કોલેજના પ્રવેશ ઉપર ચાલુ રહેશે. રાજ્ય સરકારે ધો.૧ના પ્રવેશ માટે વય અંગે નવા માપદંડો અમલમાં મૂકયા છે, જેમાં બાળકોને અગાઉની જેમ પાંચ વર્ષની જગ્યાએ પહેલી જૂનના રોજ ઓછામાં ઓછું છ વર્ષ થયા હોવા જોઈએ. જેઓ વય માપદંડને પૂરા કરતાં નથી તેવા બાળકોને પ્રવેશ આપવા માટે સરકારે બાલવાટિકાની સ્થાપના કરવાનો આદેશ આપ્યો હતો, પરંતુ જૂના નિયમ પ્રમાણે પહેલા ધોરણમાં પ્રવેશ મેળવી શકે નહીં. શિક્ષણ વિભાગના સેક્રેટરી વિનોદ રાવે જણાવ્યું હતું કે, ‘સરકારી, ગ્રાન્ટ-ઈન-એઈડ અને ખાનગી સ્કૂલોમાં, પહેલા ધોરણમાં નવા એડમિશનની સંખ્યા ૨.૭૫ લાખથી ૩ લાખની વચ્ચે છે. જ્યારે આશરે ૯ લાખ જેટલા વિદ્યાર્થીઓને બાલવાટિકામાં પ્રવેશ આપવામાં આવ્યો છે.’


# સૌરઊર્જા ક્ષેત્રે ક્રાંતિ સર્જતી ઓનિક્સ સોલાર : વાર્ષિક ૧૦૦ મેગાવોટ પાવર કેપેસીટીવાળા સોલાર મોડ્યુલનું ઉત્પાદન

## ઓનિક્સ સોલાર દ્વારા ગુજરાત સહિત ભારતભરમાં વિજળી પેદા કરવામાં એક મહત્વનું યોગદાન આપી ઐતિહાસીક સિધ્ધિ મેળવી

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૧

આવનારો સમય નિઃશંકપણે બિનપરંપરાગત ઊર્જાસ્ત્રોતોનો છે. આજકાલ સ્માર્ટ સિટી પ્રોજેક્ટ્સમાં સોલાર પેનલ્સનો ઉપયોગ મોટા પાયે થઈ રહ્યો છે. વિશાળ જમીન ઉપર સોલાર પેનલ્સનું ગંજાવર માળખું ઊભું કરીને વીજળી પેદા કરવામાં આવે છે. તો રહેણાકવિસ્તારોમાં સોલાર રૂફટોપ પણ દેખાવા લાગ્યા છે. ત્યારે સૌરઊર્જા ક્ષેત્રે ક્રાંતિ સર્જતી ઓનિક્સ સોલાર દ્વારા વાર્ષિક ૧૦૦ મેગાવોટ પાવર કેપેસીટીવાળા સોલાર મોડ્યુલ (પેનલ) નું ઉત્પાદન કરી ગુજરાત સહિત ભારતભરમાં વિજળી પેદા કરવામાં એક મહત્વનું યોગદાન આપી ઐતિહાસીક સિધ્ધિ પ્રાપ્ત કરી છે.



આ અંગે ઓનિક્સ સોલારના ચેરમેન દિવ્યેશભાઈ સાવલિયાએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૮ થી કાર્યરત ઓનિક્સ સ્ટ્રક્ચર પ્રા.લિ.એ સમર્થિત, સેવાઓ પ્રદાન કરવામાં જબરદસ્ત કુશળતા મેળવી છે. નવીનતા, શ્રેષ્ઠતા, માન, અખંડિતતા અને જવાબદારીનાં મુલ્યોને વરેલ ઓનિક્સ ગ્રૂપ દ્વારા એપ્રીલ ૨૦૨૩ થી સોલાર મોડ્યુલ મેન્યુફેક્ચરીંગ કાર્યરત કરાયું છે. જેમાં ૩૩૦ વોટથી ૭૦૦ વોટ પાવર રેન્જ સુધીના મોડ્યુલનું ઉત્પાદન થઈ રહ્યું છે. આ યુનિટની મુન્યુફેક્ચર કેપેસીટી વાર્ષિક ૧૦૦ મેગાવોટ છે. એટલેકે એક દિવસમાં ૮૫૦ સોલાર મોડ્યુલ અત્યાધુનિક મશીનરીમાં બની રહ્યા છે. તેમાં ભવિષ્યમાં ૧૨૦૦ મેગાવોટ સુધી વાર્ષિક ઉત્પાદન વધારવાનું કામ ચાલુ છે. ઓનિક્સ સોલાર ઉત્પાદન મશીનરી અને મોડ્યુલથી પર્યાવરણને નુક્સાન થતું નથી. સોલાર પેનલમાં ૨૫ વર્ષની વોરંટી આપવામાં આવે છે જ્યારે તેનું ઉર્જા ઉત્પાદનનું આયુષ્ય ૨૫ વર્ષથી વધુનું છે. ઓનિક્સ સોલાર ઉર્જા ક્ષેત્રે નજીકના ભવિષ્યમાં **TOPCON, M10, M12** વગેરે જેવી આધુનિક સોલાર પ્રોડ્કટનું પ્લાન્ટમાં ઉત્પાદન કરશે. સરકાર ગ્રીન એનર્જીને પણ પ્રોત્સાહન આપી રહી છે ત્યારે ઓનિક્સ સોલાર તે દિશામાં સોલાર એનર્જી - રિન્યુએબલ એનર્જી સેક્ટરના તમામ નવા સેગમેન્ટમાં અગ્રણી સ્થિતિ સાથે ઉભરી રહી છે.

# ૩૯ વર્ષીય યુવાનને હ્રદયરોગના હુમલામાંથી ઉગારી અને પુર્ન જીવન આપતી વોકહાર્ટ હોસ્પીટલ

## હ્રદયરોગના હુમલા સમયે દર્દીને ક્ષણે ક્ષણ અને સમયસરની સારવાર આશીર્વાદ રૂપ

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૧

તાજેતરમાં જ વોકહાર્ટ હોસ્પિટલ ખાતે એક ૩૯ વર્ષીય પુરૂષને હ્રદયરોગનો હુમલો આવતા તાત્કાલીક હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં ખસેડવામાં આવ્યા હતા. દર્દીને છાતીમાં દુખાવો, સતત પરસેવો વળવો, ગભરામણ થવી વગેરેની ફરીયાદ હતી. દર્દીને હુમલો આવતા ૧૦૮ મારફત હોસ્પિટલમાં સારવાર અર્થે લાવતા સમયે હ્રદયરોગનો હુમલો વધ્યો હતો અને હોસ્પિટલમાં દાખલ થયા ત્યારે તેમનું હ્રદય સદંતર બંધ હતું. આ દર્દીની સારવાર ઈમરજન્સી વિભાગના હેડ અને ક્રિટીકલ કેર ફિઝીશયન ડો.શ્યામ કારીયાની દેખરેખ હેઠળ તાત્કાલીક ધોરણે શરૂ કરવામાં આવી. દર્દીને સૌપ્રથમ ઈમરજન્સી વિભાગમાં ૩ મીનીટ સુધી સી.પી.આર. અને એક વાર ડી.સી. શોક



આપવામાં આવ્યા અને તરત જ તેમને તાત્કાલીક ધોરણે વેન્ટિલેટર ઉપર લઈ અને સ્થિર કરવામાં આવ્યા. આ સમગ્ર સારવાર માત્ર ૭ મીનીટની અંદર કરી તેમનો ઈ.સી.જી. કરતા હ્રદયરોગનો મોટો હુમલો સુનિશ્ચિત થતા હ્રદયરોગના નિષ્ણાંત ડો. વર્ષીત હાથીને જાણ કરવામાં આવી હતી. તેઓને તાત્કાલીક ધોરણે કેથલેબમાં ખસેડી એન્જીયોગ્રાફી અને એન્જીયોપ્લાસ્ટી કરી માત્ર ૯૦ મીનીટની અંદર વેન્ટિલેટર તથા અન્ય લાઈફસપોર્ટ સીસ્ટમ સાથે આઈ.સી.યુ.માં ખસેડવામાં આવ્યા હતા. આ જટીલ સારવાર બાદ દર્દીની સ્થિતી સુધરતા તેમને ૬ કલાકમાં વેન્ટિલેટર ઉપરથી કાઢીને ઓકિસજન અને અન્ય સપોર્ટ સાથે આઈ.સી.યુ. માં દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા. ત્યારબાદ દર્દીનું સ્વાસ્થ્ય સામાન્ય થતા ૪૮ કલાકમાં જ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવેલ હતી. વોકહાર્ટ હોસ્પિટલના હ્રદયરોગના નિષ્ણાંત ડો.વર્ષીત હાથી દ્વારા જણાવવામાં આવેલ છે કે આજકાલ હ્રદયરોગનો હુમલો ઉંમર બાધ્ય નથી અને માટે કોઈપણ જાતના હ્રદયરોગને લગતી બીમારી માટે ગફલતમાં રહેવું નહિ અને તાત્કાલીક યોગ્ય સારવાર લેવી ખુબ જ જરૂરી છે. તેમજ ઈમરજન્સી વિભાગના હેડ ડો.શ્યામ કારીયાએ કે જણાવ્યું કે હ્રદયરોગના હુમલા જેવી જીવલેણ પરિસ્થિતીમાં દરેક સેકન્ડ મહત્વની છે. અને એટલે જ આવી પરિસ્થિતીમાં ૨૪ x૭ નિષ્ણાંત અને અનુભવી ઈમરજન્સી ફિઝીશયન, કાર્ડીયોલોજીસ્ટની ટીમ તથા કેથલેબથી સુસજજ હોસ્પિટલમાં સારવાર લેવી અતિ આવશ્યક છે. વોકહાર્ટ હોસ્પિટલ ખાતે આયુષ્યમાન કાર્ડ હેઠળ હ્રદયરોગની સારવાર, કેન્સરની સારવાર, મુત્રાશયના રોગોની સારવાર અને ડાયાલાસીસ વગેરેની સારવાર પુરી પાડવામાં આવે છે.

# વિનય પહરિયા ફાઈનાન્શિયલ અને હેલ્થકેર સેક્ટર્સમાં તેજી સાથે ઈક્વિટી રોકાણકારો માટે સંભવિત વૃદ્ધિ નિહાળે છે

## વિનય પહરિયા, સીઆઈઓ, પીજીઆઈએમ ઈન્ડિયા મ્યુચ્યુઅલ ફંડ

મુંબઈ, તા.૨૧

પીજીઆઈએમ ઈન્ડિયા એએમસીમાં અમારી પાસે ગ્રોથ એટ અ રિઝનેબલ પ્રાઈઝ **(GARP)** ઉપર ધ્યાન કેન્દ્રિત કરતી મજબૂત રોકાણ પ્રક્રિયા છે. અમે રિસ્ક-એડજસ્ટેડ ધોરણે લાંબા ગાળા માટે સારી કામગીરી કરવા માટે અમારી પાસે સાયન્ટિફિક સિસ્ટમ છે તે સુનિશ્ચિત કરવા માટે અમે પ્રક્રિયાના વિવિધ ભાગોમાં પુરાવા મેળવવા સંશોધન કરીએ છીએ. આ અમને નજીકના ગાળાના પર્ફોર્મન્સમાં કોઈપણ અસ્થિરતાને ઘટાડવા અને વધુ સારી રીતે સમજાવવામાં મદદ કરશે. અમે ક્ષમતાઓની ઊંડાઈ ઉમેરવા માટે ઈન્વેસ્ટમેન્ટ ટીમના વધુ સંસાધનો અને માર્ગદર્શક સભ્યો ઉમેરવાનું વિચારી રહ્યા છીએ. અમે સાયન્ટિફિક ઈન્વેસ્ટમેન્ટ અભિગમ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાનો ઈરાદો ધરાવીએ છીએ, તેથી અમને અમારા રોકાણ વિચારો પર વધુ ઊંડા અને બારીક સંશોધનની જરૂર છે. અમે ઈન-હાઉસ, મજબૂત ઈન્વેસ્ટમેન્ટ ડિસિઝન સપોર્ટ સિસ્ટમ બનાવવાનો ઈરાદો ધરાવીએ છીએ. આથી, અમે અમારી ઈન્વેસ્ટમેન્ટ ટીમને વિસ્તારવાનો ઈરાદો ધરાવીએ છીએ. બજારો સામાન્ય રીતે ટૂંકા ગાળામાં ખૂબ જ કાર્યક્ષમ હોય છે (૧ એક વર્ષથી ઓછા ગાળામાં). જો કે, નોંધપાત્ર બિનકાર્યક્ષમતા લાંબા ગાળામાં રહે છે. તેથી લાંબા ગાળાના રોકાણની ક્ષિતિજ ધરાવતા રોકાણકારો જ લાંબા ગાળાની ક્ષિતિજ સાથે શ્રેષ્ઠ તકો શોધી શકે છે. મજબૂત અને ટકાઉ કમાણી વૃદ્ધિ સાથે ઈકિવટી ઉપર ઊંચું વળતર **(RoE)** સફળ લાંબા ગાળાની ચક્રવૃદ્ધિ આવકનું રહસ્ય છે. સ્ટોકના ભાવ લાંબા ગાળા માટે તેની ફેર વેલ્યુઝને ટ્રેક કરે છે. ટૂંકા ગાળામાં, તેઓ ફેર વેલ્યુની આસપાસ વધઘટ કરે છે. આમ, રોકાણ કરવું સરળ છે પરંતુ આસાન નથી. અમારી ઈન્વેસ્ટમેન્ટ પ્રોસેસ એ સુનિશ્ચિત કરવા માટે ગાર્ડ-રેલ સેટ કરે છે કે ફંડ તેના મેન્ડેટને વળગી રહે. તે પોર્ટફોલિયોના નિર્માણ માટે એક ગાઈડ-બુક તરીકે કામ કરે છે જે ભૂલો કરતા અટકાવવામાં મદદ કરે છે અને કામગીરી માટે અનુમાનિતતા પ્રદાન કરે છે. ફંડ મેનેજરની ક્ષમતા સંજોગોની સંભાવનાના આધારે નિર્ણયો લેવામાં રહેલી છે. અમારી ઈન્વેસ્ટમેન્ટ પ્રોસેસ આગાહીઓ અને રિસ્ક-રિવોર્ડ ટ્રેડ-ઓફ ઉપર તેમની અસરનું વિશ્લેષણ કર્યા પછી આ નિર્ણયોમાં માર્ગદર્શન આપવામાં મદદ કરે છે. બજારો તેની વર્તમાન ફેર વેલ્યુની સરખામણીએ નાના પ્રીમિયમ ઉપર ટ્રેડિંગ કરે છે. ઉપરાંત, અપેક્ષિત આર્થિક મંદીને કારણે નજીકની મુદતની કમાણી દબાણ હેઠળ રહેવાની શક્યતા છે. અર્થતંત્રની ગતિ ધીમી પડવાના સંભવિત કારણો આ મુજબ છેઃ (અ) વિકસિત બજારોમાં મંદી (બ) વ્યાજ દરમાં વધારો અને (ક) રોગચાળાના સમયગાળાથી માંગમાં ઘટાડો. જોકે વાજબી મૂલ્યમાં મધ્યમથી લાંબા ગાળાની વૃદ્ધિ મજબૂત રહેવાની શક્યતા છે. તેથી, ૩ થી ૫ વર્ષના વ્યુ સાથે ઈક્વિટી રોકાણકાર માટે વર્તમાન વૃદ્ધિની સંભાવના વાજબી રહે છે.

# જીબીયા અને જેટકો મેનેજમેન્ટ વચ્ચે મંત્રણા પડી ભાગી : જીલ્લા દીઠ કલેકટરોને આવેદન પત્ર અપાયા

જૂનાગઢ, તા.૨૧

જીબીયા દ્વારા અપાયેલ હડતાળની નોટીસના અનુસંધાને તા.૨૦/૬/૨૦૨૩ના રોજ વડોદરા સમાધાન અધિકારીની હાજરીમાં જેટકો મેનેજમેન્ટ અને જીબીયાના હોદેદારો વચ્ચે વાટાઘાટો યોજવામાં આવેલ પણ પક્ષકારો વચ્ચે સમાધાન ના થતા મંત્રણા પડી ભાગેલ છે.

જીબીયાના ઈજનેરી અને અન્ય કર્મચારીઓ દ્વારા બીપરજોય વાવાઝોડાના સંદર્ભમાં ઈજનેરો અને કર્મચારીઓ દ્વારા ખુબજ સારી કામગીરી કરવામાં અવલ છે અને આજ દિવસ સુધીમાં જામનગર, દ્વારકા, જૂનાગઢ, મોરબી, કચ્છ અન પાલનપુર જીલ્લામાં જેટકો તાબા હેઠળના ક્ષતિગ્રસ્ત તમામ સબ સ્ટેશનોને શુન્ય પાવરમાંથી બહાર કાઢી સાબસ્ટેશનનો વીજ પુરવઠો મહદ અંશે પુર્વવત કરેલ છે પરંતુ આજદિન સુધી જીબીયાની લાંબા સમયની ન્યાયિક માંગણીઓ મેનેજમેન્ટ દ્વારા સંતોષવામાં આવેલ નથી. આથી જીબીયા દ્વારા તા.૨૩/૬/૨૦૨૩થી ૨૬/૬/૨૦૨૩ સુધી વર્ક ટુ રૂલ આંદોલન, ૨૭/૬/૨૦૨૩ના રોજ માસ સીએલ જેવ કાર્યક્રમ યોજવામાં આવશે. તેમ છતાં મેનેજમેન્ટ દ્વારા કોઈ હકારાત્મક નિર્ણય નહીં લેવામાં આવે તો તા.૨૮/૬/૨૦૨૩થી અચોકકસ મુદતની હડતાલ પાડવાની ફરજ પડશે. આ કાર્યક્રમમાં રાજયના ૪૦,૦૦૦ જેટલા કર્મચારીઓ જોડાશે તેમ યાદીમાં જણાવેલ છે.


## ગોદરેજ એગ્રોવેટ લિમિટેડના ક્રોપ પ્રોટેકશન બિઝનેશની જાહેરાત

# બાયોસ્ટીમ્યુલન્ટ ડબલે ભારતીય ખેડૂતો માટે વધુ સારી ઉપજને સક્ષમ કરવાના ૨૫ વર્ષ પૂર્ણ કર્યા

અમદાવાદ, તા.૨૧

ગોદરેજ એગ્રોવેટ લિમિટેડ (જીએવીએલ)ના ક્રોપ પ્રોટેકશન બિઝનેસે આજે જાહેરાત કરી છે કે તેના બાયોસ્ટીમ્યુલન્ટ, ડબલે ભારતીય ખેડૂતો માટે વધુ સારી ઉપજને સક્ષમ કરવાના ૨૫ વર્ષ પૂરા કર્યા છે. ડબલે છેલ્લા ૨૫ વર્ષમાં ભારતની ૩ કરોડ એકર ખેતીની જમીનની ટ્રીટમેન્ટ કરી છે અને ૨ કરોડ ખેડૂત પરિવારોના જીવનમાં સમૃદ્ધિ આણી છે. કંપનીએ ડબલના ૨૫ વર્ષ અને બહેતર ખેતી માટેની પ્રતિબદ્ધતા દર્શાવવા ઉપરાંત ખેડૂતોને નકલી પ્રોડક્ટ્સથી બચાવવા સેલિબ્રેટરી પેક પણ લોન્ચ કર્યુ છે. ડબલનું નવું પેક યુઝર-ફ્રેન્ડલી છે અને સલામત પેકેજિંગ બોટલમાં આવે છે. તેમાં ટેમ્પર-એવિડન્ટ સીલ છે જે જ્યારે કોઈ પણ વ્યક્તિ બોટલ ખોલવાનો પ્રયાસ કરે છે ત્યારે એકદમ જ ખૂલીને પડી જાય છે. ડુપ્લિકેશન ટાળવા માટે લેબલમાં જટિલ વોટરમાર્ક્સ છે અને બોટલમાં હોલોગ્રામ પણ છે એટલે કે અધિકૃતતાની ખાતરી કરવા માટે દરેક બોટલ ઉપર એક યુનિક ૯-ડિજિટનો કોડ છે. પ્રોડક્ટ અસલી છે તેની ગ્રાહકને ખાતરી અપાવવા માટે હોલોગ્રામમાં સ્માર્ટલી એમ્બેડેડ અક્ષર **'G'** પણ છે અને દ્રષ્ટિહીન લોકો માટે નેક રીડિંગ ડેન્જર ઉપર 'બ્રેઈલ' માર્કિંગ પણ ઉમેરવામાં આવ્યું છે.


# વિશ્વ યોગ દિવસ શા માટે મનાવવામા આવે છે ?

યોગ એ એક પ્રાચીન શારિરીક, માનસિક અને આધ્યાત્મિકપ્રણાલી છે. સમગ્ર વિશ્વને યોગની ભેટ આપનાર બીજું કોઈ નહિ પણ આપણો ભારત દેશ છે. યોગ એ સંસ્કૃત શબ્દ છે જેનો અર્થ જોડાણ કરવું કે એક કરવું થાય છે. યોગ એ શરીર અને આત્મના જોડાણનો પ્રતિક છે. યોગ એ આધ્યાત્મિક શિસ્ત છે. આજે યોગ એ સમગ્ર વિશ્વમાં જુદા-જુદા સ્વરૂપે કરાય છે અને તેની લોકપ્રિયતા પણ દિન-પ્રતિદિન વધી રહી છે. યોગ એ સદીઓથી ચાલી આવતી આપણી ભારતીય સંસ્કૃતિનો એક ભાગ છે. હિંદુ, બૌદ્ધ અને જૈન ધર્મમાં યોગને ધ્યાનાવસ્થા સાથે જોડવામાં આવેલ છે.

"યોગ એ ભારતની પ્રાચીન પરંપરાની વિશ્વને એક અમૂલ્ય ભેટ છે. યોગ એ મન અને શરીરની એકતા; વિચાર અને ક્રિયા; સંયમ અને પરિપૂર્ણતા; માણસ અને પ્રકૃતિ વચ્ચે સંવાદિતા; આરોગ્ય અને સુખાકારી માટે સાકલ્યવાદી અભિગમ છે. તે ફક્ત કસરત ન રહેતા આપણા અંતઃઅકરણથી વિશ્વ અને પ્રકૃતિ સાથે એકરૂપતા કેળવવાનું એક માધ્યમ છે. યોગ એ આપણી જીવનશૈલીમાં બદલવા લાવી જાગૃત્તતા ઉત્પન્ન કરશે. તે આપણને આબોહવા પરિવર્તન સાથે લડવામાં મદદ કરી શકે છે. તો ચાલો આપણે સૌ એક આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અપનાવવા તરફ કાર્ય કરીએ."


### વિશ્વ યોગ દિવસ ની શરૂઆત

ભારતના માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સૌપ્રથમ સંયુક્ત રાષ્ટ્રની સભામાં યોગ વિશે ચર્ચા કરી હતી. ૨૧મી જૂનનો દિવસ એ ઉત્તરીય ગોળાર્ધમાં સૌથી લાબો દિવસ છે અને આ જ કારણે પ્રધાનમંત્રી મોદીએ ૨૧મી જૂન ને વિશ્વ યોગ દિવસ મનાવવા માટે સૂચન કર્યું. ત્યારબાદ, આ બાબતે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ઠરાવ પસાર કરવામાં આવ્યો જેમાં દુનિયાના મોટા ભાગના દેશોએ સહમતિ દર્શાવી અને વર્ષ ૨૦૧૫થી ૨૧ મી જૂન એ વિશ્વ યોગ દિવસ તરીકે મનાવવાનું નક્કી થયું.

### વિશ્વ યોગ દિવસ ૨૦૨૩ ની થીમ શું છે ?

૨૧ જૂન એટલે વિશ્વ યોગ દિવસ **(International Yoga Day 2023)** એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય થીમ સાથે ઉજવવામાં આવશે. ભારત સરકારે ૨૧મી જૂને યોગ દિવસ ઉજવવાનું નક્કી કર્યું છે પરંતુ આ વર્ષે અલગ રીતથી આ દિવસ યોજાશે. કેન્દ્રની થીમ "એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય"છે. આ વર્ષે ૯મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. વસુધૈવ કુટુમ્બકમનો અર્થ છે- પૃથ્વી પરિવાર છે. થીમ પૃથ્વી પરના તમામ લોકોના સ્વાસ્થ્ય માટે યોગની ઉપયોગિતાનો ઉલ્લેખ કરે છે.




### કોરોનાવાયરસ સામે લડવા યોગ નું મહત્વ

કોરોનાવાયરસ રોગચાળાને કારણે આજે વિશ્વ યોગની જરૂરિયાતની અનુભૂતિ કરી રહ્યું છે. જો આપણી પ્રતિરક્ષા મજબૂત હોય તો તે રોગ સામે લડવામાં મદદ કરે છે. એવી યોગ પ્રથાઓ છે જે આપણી પ્રતિરક્ષાને વેગ આપે છે અને ચયાપચયમાં સુધારો કરે છે., ર્ઝીફૈંઢ૧૯ આપણી શ્વસન પ્રણાલી પર હુમલો કરે છે. 'પ્રાણાયમ', શ્વાસ લેવાની કવાયત એવી વસ્તુ છે જે આપણી શ્વસન પ્રણાલીને મજબૂત બનાવવામાં સૌથી વધુ મદદ કરે છે. યોગ એક સ્વસ્થ ગ્રહ માટેની અમારી શોધમાં વધારો કરે છે. તે એકતાના બળ તરીકે ઉભરી છે અને માનવતાના બંધનને વધારે ગાઢ બનાવે છે. તે ભેદભાવ રાખતો નથી, તે જાતિ, રંગ, લિંગ, વિશ્વાસ અને વંશથી આગળ છે.

### યોગ ભગાડે રોગ : રોજીંદા જીવનમાં યોગાસનનું અનેરૂ મહત્વ

ભારતીય સંસ્કૃતિએ વિશ્વને આપેલી ધરોહર પૈકી યોગ હરોળના સ્થાને છે. વિશ્વના તમામ દેશોએ યોગને રાજીખુશીથી સ્વીકાર્યા છે. યોગનું અનુકરણ કરવાનું કર્યુ છે. છેલ્લા ચાર વર્ષમાં યોગનો ફેલાવો જેટ ગતિએ થયો છે. વિશ્વના ૧૩૦ દેશોએ યુએનની એસમ્બલીમાં યોગને સમર્થન આપ્યું છે. જેના પરિણામે ૨૧ જુનના રોજ વિશ્વયોગ દિવસની ઉજવણી થાય છે.

'યોગ'-એ શરીરનો વ્યાયામ છે, મનનો આયામ (નિયમન) છે, અધ્યાત્મનું આયાન (આગમન) છે. યોગ એક પણ ફાયદા અનેક. જે યોગ કરે છે એના સંજોગ સુધરી જાય છે. યોગ કર્યા પછી આરામ જ આરામ છે. સિંહને જોઈ જેમ શિયાળ ભાગે એમ યોગ થતાં જ રોગો ભાગવા માંડે છે. યોગ ભગાડે રોગ.

-:: લેખન ::-

**પ્રો.ડો.સચિન જે પીઠડીયા**

# જૂનાગઢની ઘટના સંદર્ભે સર્વે રાજકીય પક્ષના અને બિન-રાજકીય હિન્દુ-મુસ્લિમ આગેવાનો કલેક્ટર તથા પોલીસ અધિક્ષકને રૂબરૂ મળ્યા

**આગેવાનોએ ડે.કમિશ્નર સમક્ષ પાંચેય દરગાહોના વકફ હેઠળ નોંધણી થયાના PTR પ્રમાણપત્રો, મિલકતના આધારો, જૂનાલેખ સહિતના આધાર પુરાવા રજૂ કર્યા : કમિશ્નરે વધુ આધાર પુરાવા રજૂઆત કરવા ૧૫ દિવસની મુદત આપી**

**આગેવાનોએ કલેક્ટરને આવેદનપત્ર પાઠવી નિર્દોષ ન દંડાય તે માટે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરી પોલીસ નિષ્પક્ષ કાર્યવાહી કરે, દોષિતોને સજા કરે, પરંતુ નિર્દોષોને હેરાન ન કરે અને લોકો શાંતિ જાળવી રાખે એવી આગેવાનોએ અપીલ કરી**

જૂનાગઢ તા. ૨૧

જૂનાગઢના આઠ ધાર્મિક સ્થળો કે જેમાં પાંચ દરગાહો અને ત્રણ મંદિર છે તેને દબાણ ગણી દૂર કરવા જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનના સિનિયર ટાઉન પ્લાનર એ જાહેર નોટિસો આપી સ્થળ ઉપર પ્રસિદ્ધ કરેલ, જેમાં મજેવડી ગેટ પાસે આવેલ એક દરગાહ ઉપર પણ આવી નોટિસ ચોંટાડવામાં આવી હતી, જેના કારણે આજુબાજુના વિસ્તારમાં રહેતા લોકોનું ટોળું એકત્રિત થયેલ હતું. જ્યાં પોલીસ સાથે ઝપાઝપી થયેલ અને ટોળાએ પથ્થર મારો કરેલ, જેમાં પોલીસ અધિકારીઓ, કર્મચારીઓને અને એસ.ટી. બસના ડ્રાઈવરને ઈજા થયેલ હતી. પોલીસ વાહનોમાં નુકસાન થયેલ તેમજ એક રાહદારીનું મૃત્યુ થયેલ હતું. ત્યારબાદ પોલીસે કડક કાર્યવાહી કરી હતી. અમુક તોફાનીઓને સ્થળ ઉપરથી ઝડપી લીધા હતા જ્યારે ભાગી ગયેલા તોફાનીઓને પકડવા પોલીસે અમુક મુસ્લિમ વિસ્તારોમાં આખી રાત કોમ્બિંગ કરી ૧૭૪ જેટલા શખ્સોની ધરપકડ કરેલ હતી. પોલીસ કોમ્બિંગમા મોટાભાગના નિર્દોષ શખ્સો ઝપટે ચઢી ગયા હતા. પોલીસે કોમ્બિંગ દરમ્યાન અતિરેક કર્યાની અને તોડફોડ કર્યોની ફરિયાદો પણ ઊઠી હતી. આજે સવારે જૂનાગઢના સર્વે રાજકીય પક્ષના રાજકીય અને બિન-રાજકીય હિન્દુ- મુસ્લિમ આગેવાનો સંયુક્ત રીતે જિલ્લા કલેક્ટર અને જિલ્લા પોલીસ અધિક્ષકને રૂબરૂ મળ્યા હતા. નિર્દોષોને હેરાન પરેશાન ના કરવા અને નિર્દોષોને છોડી મૂકવા અધિકારીઓને રજૂઆત કરી હતી તથા લોકોને શાંતિ જાળવી રાખવા જાહેર અપીલ કરી હતી. ગુજરાત પ્રદેશ ભાજપ લઘુમતી મોરચાના મંત્રી હુસેનભાઈ દલ, જૂનાગઢ જિલ્લા ભાજપ લઘુમતી મોરચાના પ્રમુખ અબ્દુલામિંયા સૈયદ, જૂનાગઢ મહાનગર ભાજપ લઘુમતી મોરચાના પ્રમુખ શબ્બીરભાઈ અમરેલિયા, જૂનાગઢ જિલ્લા સંઘી મુસ્લિમ સમાજના પ્રમુખ અલીભાઈ સાંધ, વલીમહમદભાઈ દલ, યાસીનભાઈ અગવાન, આરીફભાઈ નાઈ, હુસેનભાઈ સીડા, હમીદાબેન દલ, ફૈજલબાપુ કાદરી, એડવોકેટ જાફરભાઈ બાસઠિયા, હુસેનશા શાહમદાર, જાફરભાઈ પલેજા વગેરે આગેવાનોએ જૂનાગઢના સાંસદ રાજેશભાઈ ચુડાસમા અને જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટભાઈ પટેલ સાથે રૂબરૂ મુલાકાત કરી રજૂઆત કરી હતી. તેમજ જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર, ડેપ્યુટી કમિશનર, સિનિયર ટાઉન પ્લાનરને રૂબરૂ રજૂઆત કરી હતી. આગેવાનોએ ડેપ્યુટી કમિશનર સમક્ષ જે પાંચ દરગાહોને નોટિસ આપવામાં આવી છે એ પાંચ દરગાહોના વકફ હેઠળ નોંધણી થયાના પી.ટી.આર. પ્રમાણપત્રો, મિલ્કતના આધારો, જૂના લેખ સહિતના આધાર પુરાવાઓ રજૂ કર્યા હતા.

વધુ પુરાવા રજૂ કરવા વધુ ૩૦ દિવસની મુદ્દત માંગી હતી. ડેપ્યુટી કમિશનરે રજૂ થયેલ આધાર પુરાવા ધ્યાને લેવામાં આવશે તેમ જણાવી વધુ આધાર પુરાવા રજૂ કરવા વધુ ૧૫ દિવસની મુદ્દત આપી હતી. દરગાહને ઉદ્દેશીને અપાયેલ જાહેર નોટિસ રદ કરવા અને જે તે દરગાહના ટ્રસ્ટી, વહીવટકર્તા, મુંજાવરના નામે વ્યક્તિગત નોટિસ આપવા અને ૩૦ દિવસની મુદ્દત આપવાની રજૂઆત પ્રત્ય ડેપ્યુટી કમિશનરે હકારાત્મક પ્રતિભાવ આપી હવે પછીની કાર્યવાહી મુસ્લિમ સમાજના આગેવાનો સાથે સંકલન કરીને કરવામાં આવશે એવી ખાત્રી આપી હતી. જૂનાગઢના મુસ્લિમ એડવોકેટોનું સંગઠન આગળ આવ્યું હતું અને આ બાબતે કલેક્ટરને આવેદનપત્ર આપી રાત્રી કોમ્બિંગ અટકાવવા, નિર્દોષોને હેરાન ના કરવા અને કોમ્બિંગમાં ઝડપાયેલ નિર્દોષોને અને સગીરોને છોડી મૂકવા માગણી કરી હતી. મુસ્લિમ એડવોકેટ સંગઠને નિર્દોષો માટે તમામ કેસ પોતાના ખર્ચે લડી આપવા જાહેરાત કરી હતી અને ૨૦ જેટલા મુસ્લિમ એડવોકેટો સતત ૩ દિવસ મામલતદાર કચેરીએ હાજર રહ્યા હતા અને કોમ્બિંગમાં ઝડપાયેલા ૨૫૦ જેટલા શખ્સોને સી.આર. પી.સી. કલમ ૧૫૧ના જામીન અપાવી મુક્ત કરાવ્યા હતા. મુસ્લિમ વકીલ મંડળની રજૂઆત માન્ય રાખી મામલતદારે બીજા દિવસે મોડી રાત સુધીમાં ૧૮૦ જેટલા શખ્સોને જાત મુચરકા ઉપર છોડી મૂક્યા હતા. કોમ્બિંગમાં ઝડપાયેલા સગીર વયન છોકરાઓને પણ છોડી મૂકવામાં આવ્યા હતા.

આ સમગ્ર કાર્યવાહી દરમ્યાન હુસેનભાઈ દલ, અબ્બાસભાઈ કુરેશી, બટુકભાઈ મકવાણા વગેરે વકીલ મંડળના સતત સંપર્કમાં રહ્યા હતા. પ્રથમ દિવસે ૪૦ શખ્સો જામીન ઉપર છૂટ્યા તેના જામીન જૂનાગઢના મુસ્લિમ અગ્રણી ફરીદભાઈ દુર્વેશ થયા હતા. ફરીદભાઈ દુર્વેશ એ લોકોને શાંતિ રાખવા અને કાયદાનું પાલન કરવા અપીલ કરી હતી. તમામ સમાજના રાજકીય-બિન-રાજકીય આગેવાનો, ભાજપ લઘુમતી મોરચાના હોદેદારો, મુસ્લિમ સમાજના વકીલો, હાજી ફરીદભાઈ દુર્વેશ, અબ્બાસભાઈ કુરેશી સહિતના કોર્પોરેટરો, સી.પી.એમ.ના જિલ્લા પ્રમુખ બટુકભાઈ મકવાણા વગેરે એ ખૂબ જ જરૂરી સંકલન કરી કાર્યવાહી કરી રહ્યા છે.

# ૩૨૦૦ ફૂટની ઊંચાઈ ઉપર દાતારના ડુંગર ઉપર યોગ કાર્યક્રમ યોજાયો





(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૧

આજે વિશ્વ યોગ દિવસ નિમિત્તે જૂનાગઢ ખાતે ઉપલા દાતારની ધાર્મિક જગ્યામાં વિશ્વ યોગ દિવસની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી. કોમી એકતાના પ્રતિક સમી ઉપલા દાતારની ધાર્મિક જગ્યા કે જે સમુદ્રની સપાટીથી ૩૨૦૦ ફીટ ઊંચાઈ ઉપર આવેલી આ જગ્યા ખાતે આજે વિશ્વ યોગ દિવસ નિમિત્તે જગ્યાના મહંત પૂજ્ય ભીમ બાપુની નિશ્રામાં આજે વહેલી સવારે ગિરનાર સ્પોર્ટ ક્લબના વિદ્યાર્થી મિત્રો દ્વારા દાતારની જગ્યા ખાતે યોગ નિર્દેશનનો સુંદર મજાનો કાર્યક્રમ ભીમબાપુની હાજરીમાં સંપન્ન થયો હતો.

આ કાર્યક્રમમાં યોગ નિર્દેશન માટે સ્પોર્ટ્સ ક્લબના સાગરભાઈ કટારીયાએ સેવા આપી હતી અને દાતારની જગ્યાના સેવકો અને અન્યાયોએ પણ આ યોગ નિર્દેશનના કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

# રોકડ રૂા.૩૧૦૦ તેમજ અગત્યના ડોક્યુમેન્ટ સહિતનું પર્સ ખોવાતા નેત્રમ શાખા પોલીસ દ્વારા ગણતરીની કલાકોમાં શોધી આપ્યું




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

રોકડ રૂપીયા ૩,૧૦૦ તેમજ અગત્યના ડોક્યુમેન્ટ સહિતનું પર્સ ખોવાતા વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત ઈન્સ્ટોલ કરેલ સીસીટીવી કેમેરાથી નેત્રમ શાખા પોલીસ દ્વારા ગણતરીની કલાકોમાં શોધી કાઢેલ હતું. અરજદાર વિમલભાઈ વસરામભાઈ પરમાર પોતાના કામસબબ ત્રીમૂર્તી હોસ્પીટલથી મોતીબાગ રોડ તરફ જતા હોય તે દરમ્યાન રસ્તામાં તેમનુ પર્સ ઝાંસી સર્કલ નજીક પડી ગયેલ, જે પર્સમાં રોકડ રૂા. ૩,૧૦૦/- તથા અગત્યના ડોક્યુમેન્ટ જેવા કે આધાર કાર્ડ, પાન કાર્ડ વિગેરે હતા. તેમણે આજુ બાજુ તપાસ કરતા તેમનું પર્સ મળેલ નહી જેથી તેઓ વ્યથિત થઈ ગયેલ હતા.

આ બાબતની જાણ નેત્રમ શાખાના (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) પી.એસ.આઈ. પી.એચ.મશરૂને કરતા નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જૂનાગઢ રેન્જના આઈજી મયંકસિંહ ચાવડા તથા જૂનાગઢ જીલ્લા પોલીસવડા રવિ તેજા વાશમ શેટ્ટી દ્વારા જૂનાગઢ જીલ્લાના તમામ થાણા અમલદારોને પ્રજા સાથે સોહાર્દપૂર્ણ વર્તન કરી, મદદરૂપ થવા તેમજ પોલીસ સ્ટેશન ખાતે મદદ માટે આવતા લોકોને શક્ય તે મદદ કરી, પોલીસ પ્રજાનો મિત્ર છે, એ સૂત્રને સાર્થક કરવા તમામ પ્રયત્નો કરવા ખાસ સૂચના કરવામાં આવેલ છે. જૂનાગઢ હેડ કવા. ડી.વાય.એસ.પી. એ.એસ.પટણીના માર્ગદર્શન હેઠળ નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) ના પી.એસ.આઈ પી.એચ.મશરૂ, હે.કોન્સ. રામસિંહભાઈ ડોડીયા, પો.કોન્સ જીતુસિંહ જુજીંયા, પાયલબેન વકાતર, જાનવીબેન પટોળીયા, એન્જીનીયર મસઉદ અલીખાન પઠાણ સહિતની ટીમ દ્વારા જહેમત ઉઠાવી વિમલભાઈ પરમાર જે સ્થળેથી પસાર થયેલ તે સ્થળના વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત ઈન્સ્ટોલ કરવામાં આવેલ સીસીટીવી ફૂટેજ ચેક કરતા શહેરના ઝાંસી સર્કલ વિસ્તાર નજીક તેઓનું પર્સ ખીસ્સામાંથી પડતુ સીસીટીવીમાં સ્પષ્ટ નજરે પડેલ. ત્યાર બાદ તુરંત જ ૧ અજાણ્યા છકડા રીક્ષા ચાલક દ્વારા તે પર્સ ઉઠાવી લેવાનું ધ્યાને આવેલ. જે આધારે છકડા રિક્ષા ચાલકનો સ્પષ્ટ ચહેરો તથા છકડો રીક્ષાના રજી. નંબર જીજે-૧૧-યુયુ-૨૨૧૧ શોધેલ હતા. જૂનાગઢ નેત્રમ શાખા દ્વારા છકડા રિક્ષા ચાલકનો સંપર્ક કરી પોલીસની ભાષામાં પૂછપરછ કરતા પર્સ તેમની પાસે હોવાનુ જણાવેલ, પોલીસ દ્વારા છકડા રીક્ષા ચાલકને ઠપકો પણ આપવામાં આવેલ હતો અને પર્સ રીકવર કરી ગણતરીની કલાકોમાં વિમલભાઈ પરમારનું રૂા.૩,૧૦૦ રોકડ રકમ તેમજ અગત્યના ડોક્યુમેન્ટસ સહિતનું પર્સ સહિ સલામત પરત અપાવવા માટે કરેલ તાત્કાલિક અને સંવેદનપૂર્ણ કાર્યવાહીથી પ્રભાવિત થઈને વિમલભાઈ પરમાર દ્વારા જૂનાગઢ પોલીસનો આભાર વ્યકત કર્યો હતો. જૂનાગઢ જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાશમ સેટ્ટી દ્વારા પણ પ્રજા સાથે સંવેદના પૂર્ણ કાર્યવાહી કરવા બદલ જીલ્લા નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) પોલીસ ટીમને અભિનંદન આપેલ હતા. આમ, નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા ગણતરીના કલાકોમાં વિમલભાઈ પરમારનું રૂા.૩,૧૦૦/- રોકડ રકમ તેમજ અગત્યના ડોકયુમેન્ટ સહિતનું ખોવાયેલ પર્સ સહી સલામત પરત અપાવી, સુરક્ષા સાથે સેવાનું ઉત્તરદાયિત્વ નિભાવી, પોલીસ પ્રજાનો મિત્ર છે, એ સૂત્રને ફરીવાર સાર્થક કરવામાં આવેલ છે.

# જૂનાગઢમાં ફેસ બુક ઉપર કોમી વૈમનસ્ય ફેલાય તેવી પોસ્ટ કરવા બદલ એકાઉન્ટ ધારક યુવક સામે નોંધાઈ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૧

આ અંગે બી ડિવિઝન પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ ગઈકાલે પોલીસ સ્ટેશનની અંદર સમા સરફરાજ નામના ફેસબુક એકાઉન્ટ ધારકે પોતાના ફેસબુક એકાઉન્ટ ઉપર પોલીસ તથા હિન્દુ ધર્મના લોકોની લાગણી દુભાય અને બે કોમના જૂથો વચ્ચે વૈમનસ્ય ફેલાય તેવા હેતુસર ભૂંડી ગાળો અને ઉશ્કેરણીજનક શબ્દો વાળી પોસ્ટ વાયરલ કરતા પોલીસ કોન્સ્ટેબલ જેઠાભાઈ નાથાભાઈએ ફરિયાદી બની વધુ તપાસ પીઆઈ શાહે હાથ ધરી છે.

**જૂનાગઢમાં છરીબાજીનો બનાવ**

જૂનાગઢમાં ભદ્ર વિસ્તારમાં યુવક સાથે મતભેદ બદલ છરી બાજી થયાનો બનાવ નોંધાયો હતો. આ અંગે બી ડિવિઝન પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ જૂનાગઢમાં ગોલ્ડન પ્રાઈડ એપાર્ટમેન્ટમાં રહેતા કિશન કમલેશભાઈ કોટકને જલારામ સોસાયટી રોયલ પાર્કમાં રહેતા કીર્તન ધીરેન્દ્રભાઈ ગોહિલ સાથે મતભેદ હોય જેને પગલે કીર્તનભાઈના ઘર રોયલ પાર્ક પાસે આવી ગાળો ભાંડી ફરી વડે પેટ અને ખભા ઉપર ઈજાગ્રસ્ત કર્યા અંગે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**જૂનાગઢ: બાટલાની નળી લીક થતાં આગમાં એકનું મૃત્યું**

જૂનાગઢ મેઘાણીનગર વિસ્તારમાં ગેસની નળી લીક થતાં આગ લાગતા વૃદ્ધનું દાઝી જતા મોત થયાનો બનાવ નોંધાયો હતો. આ અંગે એ ડિવિઝન પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ પંચેશ્વર સોસાયટી મેઘાણીનગર પાસે રહેતા મુકતાબેન ગોવિંદભાઈ પરમારના ઘરે ગેસના બાટલાની નળી લીક થતાં આગ લાગતા ગંભીર રીતે દાઝી જતાં મોત થયા અંગે મૃતકના પુત્ર ડાયાભાઈ પરમારે પોલીસમાં જાહેર કર્યું છે.

**જૂનાગઢ: પરીણીતાએ ફરીયાદ નોંધાવી**

જૂનાગઢનાં સરદારબાગમાં રહો કોમલબેન ગરાળા (ઉ.વ. ૨૬)એ પ્રીતભાઈ ગરાળા, હર્ષાબેન પ્રકાશભાઈ ગરાળા, પ્રકાશભાઈ હેમંતભાઈ ગરાળા (સસરા) સામે ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે ફરીયાદીને ઘરકામ બાબતે તથા કરીયાવરની બાબતે ફરીયાદી બહેન ઉપર ખોટી શંકાઓ કરતા તથા કોઈપણ જાતનાં વાંક ગુના વગર તેનાં સાસુ, સસરા ફરીયાદી બહેનનાં પતિ વિરૂધ્ધ ઉશ્કેરતા જેથી તેનાં પતિ અવાર નવાર શારીરીક માનસીક દુઃખ ત્રાસ આપતા, ગાળો આપી મારકુટ કરી વધારે કરીયાવર લઈને આવજે કરીયાવર વગર જો ઘરમાં પગ મુકયો છે તો જાનથી મારી નાખીશું એવી ધમકી આપી ઘરમાંથી પહેરેલ કપડે કાઢી મુકયાની ફરીયાદ નોંધાવતાં મહિલા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# વંથલીનાં આખા અને માણાવદરમાંથી ૬ મહિલા સહિત ૧૨ જુગારી ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા. ૨૧

વંથલી તાલુકાનાં આખા ગામે જાહેરમાં જુગાર રમતા ૬ શખ્સોને રોકડ રૂા. ૧૧,૧૯૦ સાથે વંથલી પોલીસે ઝડપી લીધેલ છે. જયારે માણાવદરમાંથી જાહેરમાં જુગાર રમતી ૬ મહીલાઓને રોકડ રૂા. ૧૮૭૦ સાથે માણાવદર પોલીસે ઝડપી લીધેલ છે.

# જૂનાગઢ શિવમ પાર્ટી પ્લોટમાં યોગ દિવસની ભવ્ય ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૨૧

આજે જયારે સમગ્ર દેશ યોગ દિવસ ઉજવી રહયો છે ત્યારે જૂનાગઢ ખાતે પણ અનેકવિધ જગ્યાએ યોગ દિવસની ઉજવણી થઈ રહી છે.

બ્રહ્માકુમારી વિદ્યાલય, ખોડલધામ મહિલા સમિતિ જૂનાગઢ અને યોગ બોર્ડ દ્વારા ૨૧ જૂન વિશ્વ યોગ દિવસની શિવમ પાર્ટી પ્લોટમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બ્રહમાકુમારી બીનાબેન, યોગ કોચ ભાવનાબેન, નેહાબેન સહિતના લોકો જોડાયા હતા.


:: જાહેર હરરાજી ::

ગ્રોફેડ ઓઈલ મીલ, જુનાગઢ ખાતેની પ્લાન્ટની પડતર ૨૯.૦૦ એકર જમીન ઉપર ચોમાસાના વરસાદથી કુદરતી રીતે ઉગી નીકળેલ ઘાસ ચરાવવા માટે વર્ષ-૨૦૨૩/૨૪ નો કોન્ટ્રાકટ સંસ્થાએ આપવાનો હોઈ, આ કોન્ટ્રાકટ જાહેર હરરાજીથી મેળવવા માટે ઈચ્છા ધરાવતી પાર્ટીઓએ સંસ્થા દ્વારા નિર્ધારીત નમુનામાં હરરાજી કોન્ટ્રાક્ટની શરતો સહિતનું ફોર્મ ટેન્ડર ફી ચાર્જ રૂા. ૫૦/- ની સંસ્થામાં જમા કરાવીને સવારના ૧૦ થી ૧૩ કલાક દરમ્યાન ઓફીસ માંથી મેળવી લેવાનું રહેશે.

આ ટેન્ડર ફોર્મ સીલબંધ કવરમાં સંસ્થાની ગ્રોફેડ ટ્રેનિંગ સેન્ટર પલાસવા રોડ, જૂનાગઢ ખાતેથી ઓફસે તા. ૨૫-૦૬-૨૦૨૩ સુધીમાં જમા કરાવવાના રહેશે. આ હરરાજીની તારીખ અને સ્થળ આપને ટેલીફોન દ્વારા જણાવવામાં આવશે.

તારીખ : ૨૧-૦૬-૨૦૨૩
સ્થળ : જુનાગઢ

ફરજ્યા અધિકારી
જુનાગઢ રીજીયોનલ તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘ લી. જુનાગઢ.



માણાવદર નગરપાલિકા - માણાવદર જી. જૂનાગઢ

**ઓનલાઈન જાહેર નિવિદા**

જા.નં.બાંધ/૫૭૯/૨૦૨૩ તા. ૧૯/૦૬/૨૦૨૩

આથી માણાવદર નગરપાલિકા, માણાવદર, જી. જૂનાગઢને સરકારશ્રીની અમૃત-૨.૦ (સ્વેપ-૨) અંતર્ગત ગ્રીન સ્પેસ/પાર્ક ડેવલપમેન્ટ કરવાની કામગીરી માટે ફાળવવામાં આવેલ ગ્રાન્ટના નીચે મુજબની વિગતે કામ કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| કામનું નામ :- ગ્રીન સ્પેસ / પાર્ક ડેવલપમેન્ટ ઓફ કૈલાશ ગાર્ડન એટ માણાવદર જી. જૂનાગઢ | |
| અંદાજીત રકમ રૂા. ૧૫૩.૧૮ લાખ | કામની સમય મર્યાદા ૯ - માસ |
| ઈ.એમ.ડી. રૂા. ૧,૫૩,૨૦૦/- | ટેન્ડર ફી રૂા. ૩૬૦૦/- |
| વેબસાઈટનું નામ : | www.nprocure.com |
| ઓનલાઈન ટેન્ડર ડાઉનલોડ તથા જરૂરી ડોકયુમેન્ટ અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય | ૦૭/૦૭/૨૦૨૩ ના રોજ ૧૮.૦૦ કલાક સુધી |
| ઓરિજનલ ટેન્ડર ફી ઈ.એમ.ડી. અને ડોકયુમેન્ટની ઓથેન્ટિસીટી માટેનું એફિડેવિટ સ્પીડપોસ્ટ/ આર.પી.એ.ડી.ના માધ્યમથી પહોંચતા કરવાની તારીખ સમય તથા સરનામું | ૧૪/૦૭/૨૦૨૩ ના ૧૪.૦૦ કલાક સુધીમાં ચીફ ઓફીસર, માણાવદર નગરપાલિકા, મુ. માણાવદર, જી. જૂનાગઢ |
| ટેકનીકલ બીડ ખોલવાની તારીખ | ૧૫/૦૭/૨૦૨૩, ૧૨.૦૦ કલાકે |
| પ્રાઈસ બીડ ખોલવાની તારીખ | ૧૫/૦૭/૨૦૨૩, ૧૨.૩૦ કલાકે |

કામ અંગે વધારે માહિતી માટે ઉપરોકત વેબસાઈટ ઉપર જોવા માટે તા. ૨૩/૦૬/૨૦૨૩ થી જોવા વિનંતી સદર કામ અંગેના તમામ હક્ક અધિકારી નગરપાલિકાને અબાધિત રહેશે.

(તુષાર ઝાલરીયા) ચીફ ઓફીસર માણાવદર નગરપાલિકા

(કે. જે. મારૂ) વહીવટદાર માણાવદર નગરપાલિકા

માહિતી/જૂના/૩૫૪/૨૦૨૩

# જૂનાગઢ જિલ્લામાં ૯માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી

## કૃષિ યુનિવર્સિટીમાં યોજાયેલ કાર્યક્રમમાં જૂનાગઢ જિલ્લા પંચાયત પ્રમુખ અને ધારાસભ્ય સહિતનાએ યોગ અભ્યાસ કર્યો



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ જિલ્લામાં નવમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી વસુધૈવ કુટુંબકમ માટે યોગ, હર ઘરના આંગણે યોગની થીમ સાથે ઉત્સાહભેર યોજાઈ હતી. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના એથ્લેટિક્સ ગ્રાઉન્ડમાં સવારના આહલાદક વાતાવરણમાં જિલ્લા પંચાયત પ્રમુખ શાંતાબેન ખટારીયા, ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, કલેકટર અનિલ રાણાવસિયા સહિતના પદાધિકારીઓ અધિકારીઓએ યોગાભ્યાસ કર્યો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શાંતાબેન ખટારીયાએ જણાવ્યું હતું કે, પ્રાચીન ભારતીય પરંપરા અને ઋષિમુનિઓ દ્વારા માનવ જાતને અપાયેલી અમૂલ્ય ભેટ એટલે યોગ.યોગવિદ્યા ને વિશ્વ ફલક ઉપર લાવવા તથા લોકોને આરોગ્ય,સુખાકારી અને માનવતા તરફ દોરવાનો શ્રેય વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જાય છે. તેમણે જણાવ્યું હતુ કે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ઘર ઘર સુધી યોગ્ય પહોંચાડવાનું કામ થઈ રહ્યું છે એ અભિનંદન ને પાત્ર છે. યોગ તન અને મન બંનેને તંદુરસ્ત રાખે છે. ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા એ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સંયુક્ત રાષ્ટ્ર સંઘની ૬૯ મી સામાન્ય સભા સમક્ષ ૨૧ મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવા માટે પ્રસ્તાવ રજૂ કર્યો હતો.તેમણે જણાવ્યું હતું કે યોગ્ય માત્ર દેખાવ નથી. યોગ એ નિરોગી અને લાંબુ જીવન જીવવા માટેનું માધ્યમ છે. યોગ કરવાથી શારીરિક સ્વાસ્થ્યની સાથે સાથે જ માનસિક સ્વાસ્થ્ય પણ તંદુરસ્ત રહે છે. યોગ બોર્ડના માધ્યમથી આજે જન જન સુધી યોગનો પ્રચાર પ્રસાર થઈ રહ્યો છે અને લોકો યોગ તરફ વળી રહ્યા છે. આ પ્રસંગે કૃષિ યુનિવર્સિટીના કુલપતિ વી.પી. ચોવટીયાએ જણાવ્યું હતું કે, યોગના ૬ ધ્યેય છે. વિકાસ, શિક્ષણ, રક્ષણ, ચિકિત્સા, આધ્યાત્મિક અને શક્તિ છે. આજે નવમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી થઈ રહી છે ત્યારે લોકોને યોગ કરી અને સ્વસ્થ રહેવા અનુરોધ કર્યો હતો. જૂનાગઢ વહિવટી તંત્ર અને કૃષિ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ કાર્યક્રમમાં જૂનાગઢ રેન્જ આઈ.જી. મયંકસિંહ ચાવડા, જૂનાગઢ જિલ્લા વિકાસ અધિકારી મીરાંત પરીખ, જૂનાગઢ પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી, નિવાસી અધિક કલેકટર પી.જી.પટેલ, પુરવઠા અધિકારી રીના ચૌધરી, સાવજ ડેરીના ચેરમેન દિનેશભાઈ ખટારીયા, જૂનાગઢ જિલ્લા યોગ કોર્ડીનેટર ચેતનાબેન ગજેરા સહિતના પદાધિકારીઓ, અધિકારીઓ યોગ શિક્ષકો, ટ્રેનરો અને વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન હારૂનભાઈ વિહળે કર્યું હતું.

# જૂનાગઢમાં ૧૯મી જગન્નાથજી ભગવાનની રથયાત્રા ભાવભેર સંપન્ન

## શહેરના માર્ગો ઉપર ઠેર-ઠેર રથયાત્રાના સ્વાગત બાદ નિજ મંદિરે મહા આરતી બાદ રથયાત્રા સંપન્ન









(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૧

જૂનાગઢમાં ગઈકાલે ગંધ્રપવાડા વિસ્તારમાં આવેલ જગન્નાથજી ભગવાનના મંદિરે જગન્નાથજી રથયાત્રા મહોત્સવ સમિતિ દ્વારા ૧૯મી રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે શહેરના માર્ગો ઉપર પ્રસ્થાન અને ઠેર-ઠેર સ્વાગત બાદ રથયાત્રા નિજ મંદિરે પ્રયાણ થઈ ધર્મસભર વાતાવરણમાં રથયાત્રાની પૂર્ણાહુતિ થઈ હતી. ગઈકાલે બપોરે જગન્નાથજી રથયાત્રા સમિતિના પ્રમુખ મોટા પીર બાવા તનસુખગીરીબાપુ નાદુરસ્ત તબિયતને પગલે ઉપસ્થિત રહી શક્યા નહોતા પરંતુ તેના શુભ સંદેશા આપ્યા બાદ પ્રારંભે જગન્નાથજી ભગવાનના મંદિરે આઈ જી મયંકસિંહ ચાવડા, ડે મૈયર ગીરીશભાઈ કોટેચા, કોર્પોરેટર આરતીબેન જોશી, બાર એસોસિએશનના પ્રમુખ ભાવેશભાઈ ઝિંઝુવાડીયા, ઉપપ્રમુખ જયદેવભાઈ જોશી, સેક્રેટરી મનોજભાઈ દવે તથા સામાજિક આગેવાનો અને જગન્નાથજી રથયાત્રા સમિતિના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય બાદ રથયાત્રાની મુખ્યવિધિ ચાંદીનાથી સાવરણાથી પહીંદ વિધિમાં ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, આઈજી, એસપી રવિ તેજા વાસમ શેટ્ટી, ડેપ્યુટી મેયર ગીરીશભાઈ કોટેચા, શહેર ભાજપ પ્રમુખ પુનિતભાઈ શર્મા, કોર્પોરેટર આરતીબેન જોશી તેમજ રથયાત્રા સમિતિના હોદ્દેદારો અને આગેવાનો દ્વારા પહિંદ વિધિ કરવામાં આવી હતી. ત્યારબાદ રથયાત્રાનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. રથયાત્રામાં આઈજી અને એસપીની આગેવાનીમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે શહેરના માર્ગો ઉપર ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ, બહેન સુભદ્રાજીના રથને દોરડાથી પ્રયાણ કરાવી આગળ ધપાવવામાં આવી હતી. જય રણછોડ માખણ ચોરના નાદ સાથે બેન્ડબાજા અને રાસ મંડળીના સથવારે રથયાત્રામાં બહેન સુભદ્રાજીના રથને મહિલાઓ દ્વારા જ આખા રૂટમાં પ્રયાણ કરવામાં આવ્યું હતું. પોલીસ બંદોબસ્ત અને રાઉન્ડ ક્લોક પેટ્રોલિંગ સાથે રથયાત્રા માર્ગ ઉપર આગળ ધપી હતી જ્યાં દિવાન ચોક, પંચ હાટડી ચોક, આઝાદ ચોક, એમ.જી.રોડ, રાણાવાવ ચોક, કાળવા ચોક અને જવાહર રોડ ઉપર ઠેર-ઠેર ભાવિકોએ ભગવાનના સન્મુખ દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને વિવિધ સ્થળોએ સંસ્થાઓ અને વ્યાપારીઓ દ્વારા રથયાત્રાનું પુષ્પહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. રથયાત્રા સાંજે ૭ કલાકે જગન્નાથજી મંદિરે પરત ફરી હતી. જ્યાં ભાવિકોની ઉપસ્થિતિમાં ભગવાનના નિજ મંદિરમાં પ્રયાણ અને મહા આરતી બાદ રથયાત્રા ધર્મસભર વાતાવરણમાં સંપન્ન થઈ હતી. રથયાત્રા શાંતિપૂર્ણ સંપન્ન થતાં તંત્રએ પણ રાહતનો શ્વાસ લીધો હતો. જ્યારે આ વર્ષે શહેરના માર્ગો ઉપર ભગવાનના સન્મુખ દર્શન કરવા ભાવિકોમાં અનેરો ઉત્સાહ દેખાયો હતો.

આમ રથયાત્રા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થતાં તમામ વિભાગનાં અધિકારીઓએ અને લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

### રથયાત્રામાં આ વખતે વધુ ફલોટનો સમાવેશ

જગન્નાથજી ભગવાનની રથયાત્રામાં ગઈકાલે ભગવાન શ્રીનાથજી, હનુમાનજી, શિવજીની વિશાળ પ્રતિમા સહિતના ફલોટ રાખવામાં આવ્યા હતા. જેના પણ ભાવિકોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.


દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

• ટચૂકડી જાહેર ખબર •

જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફક્ત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

**ફલેટો વેચવાનાં છે**

જૂનાગઢનાં તળાવ દરવાજા શેરી નં. ૩ અને ૨માં 3 BHK અને 1 BHK ના ફલેટો તદન વ્યાજબી કિંમતમાં વેંચવાનાં છે

મો. નં. ૯૭૧૪૮ ૦૧૩૬૫

**ભગંદર, હરસ-મસા, ફિશર**
**સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર**

આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર

**અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર**
**બાળકો માટે સુવર્ણપ્રાશન**
**વ્યસનમુક્તિ સારવાર**

**ડો. શ્રેયસ જી. ભાલોડિયા**
M.S. (Ayurved) Shalya

જુનાગઢ : સોમ-શુક્ર-શનિવાર
રાજકોટ : મંગળ-બુધ-ગુરૂવાર

રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી

**ૐ આયુર્વેદ હોસ્પિટલ**

પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨

મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫

Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

**સિધ્ધ મ્યુઝીક કરાઓકે એકેડેમી**



જૂનાગઢમાં સહુપ્રથમ લેડીઝ દ્વારા ચાલતા સંગીતનાં કલાસ...

શું આપ સંગીતનાં શોખીન છો? આપને ગાવાનો શોખ છે. તો આવો આપણે સાથે મળીનો સંગીતનાં સુર રેલાવીએ.

હિન્દી ફિલ્મોનાં ગીતો તથા અન્ય ગીતો કરાઓકે ટ્રેકમાં એકેડમીનાં સ્ટેજ ઉપર ગાવા મળશે. શ્રી હરીવાડી, શ્રી હાટકેશ હોસ્પીટલ પાસે જૂનાગઢ.

**લીનાબેન ભટ્ટ**
**મો. ૯૦૩૩૯ ૧૨૪૯૩**

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167

**ધન્વંતરી** આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર

હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ક્ષાર કર્મચિકિત્સા ધ્વારા સારવાર

વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેક્સ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...

સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી

આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

પાર્સલ સેવા આપવામાં આવશે


**રાજ ડાયનીંગ હોલ**

- સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
- જૂનાગઢ શહેરના હ્દયસમા કાળવા ચોકમાં
- આપના શુભપ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.

દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.

**રાજ ડાયનીંગ હોલ**
કાળવા ચોક, જૂનાગઢ.

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો**



**ધીરૂભાઈ જે. સોની**
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩

**વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩**
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

| | |
|---|---|
| વિનય એન. પ્રજાપતિ | મો.૯૮૨૪૩ ૮૧૫૦૦ |
| મનિષ એન. પ્રજાપતિ | મો.૯૯૨૪૩ ૮૧૫૦૦ |
| પંકજ એન. પ્રજાપતિ | મો.૯૮૨૪૪ ૮૧૫૦૦ |

"સ્વાદનો એવો જાદુ જાવે, વારંવાર મન લલચાવે"

**: સુભાષ :**

**પાણીપુરી**

એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ

સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ

એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

**દિપક ફટાકડા સેન્ટર**

લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે

**દિપક ફટાકડા સેન્ટર**
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ. ફોન: ૨૬૫૨૬૧૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે

**જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર**
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

**ન્યુ બોમ્બે ઈલે.**
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૦ વર્ષથી પ્રખ્યાત નામ
**વિજય ઘી ડીપો**
ગેરંટી સાથે ભેંસનું તથા ગાયનું ૧૦૦ ટકા શુધ્ધ ઘી મળશે

**વિજય ઘી ડીપો**
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
આથી ગ્રાહકજનોને અમારા નવા મોબાઈલ નંબર નોંધી લેશો
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

**વંદના બેકરી**
તળાવ દરવાજા રોડ
સ્પો. પાઉ, સ્પે. બ્રેડ
સ્પે. નાનરોટી
રોજે રોજની તાજી મળશે

**નારાયણ બેકરી**
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

**નારાયણ બેકરી**
સુખનાથ ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩